પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક
www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com
Panchmahal Samachar Daily News

RNI NO:- 67073/97
વર્ષઃ૨૪, અંકઃ૧૮૪, કુલ પાનાઃ૪, તારીખઃ ૩૧-૦૩-૨૦૨૧ બુધવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 184 PRICE :-RS. 1.50 DATE : 31-03-2021
EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)
PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)
Whatsapp No.9712880678

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

# ગુજરાતમાં ૨૪ કલાકમાં ૨૨૦૦થી વધુ કોરોનાના કેસ : રાજયનાં શિક્ષણ સંસ્થાઓ કોરોનાના નિશાને




ગાંધીનગર,
રાજય સરકાર દ્વારા જાહેર કરવામાં આવેલ આંકડા પ્રમાણે રાજ્યમાં ગત ૨૪ કલાકમાં કોરોનાના ૨,૨૨૦ કેસ નોંધાયા છે અને ૧,૯૮૮ દર્દીઓ સાજા થયાં છે. આ સાથે જ અત્યાર સુધીમાં ૨,૮૮,૫૬૫ દર્દીઓ કોરોના મુક્ત થયાં છે. તો ૧૦ લોકોના સારવાર દરમિયાન મોત થયાં છે. આમ ગુજરાતમાં અત્યાર સુધીમાં ૪૫૧૦ લોકોના મોત કોરોનાને કારણે થયાં છે. ગઈકાલ કરતા આજે કોરોનાના કેસમાં ઘટાડો થયો છે પરંતુ મૃત્યુનો આંકડો દિવસેને દિવસે વધી રહ્યો છે જે ચિંતાજનક બાબત છે. ઉલ્લેખનીય છે કે, છેલ્લા ૪ દિવસથી રાજ્યમાં કોરોનાના કેસમાં ચિંતાજનક વધારો થઈ રહ્યો છે. ૨૭ માર્ચના રોજ રાજ્યમાં ૨૨૭૬ કેસ, ૨૮ માર્ચે ૨૨૭૦ કેસ અને આજે ૨૯ માર્ચે ૨૨૫૨ તો આજે ૨,૨૨૦ નવા કેસ નોંધાતા ચિંતામાં વધારો થયો છે.સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણી બાદ ફરી કોરોનાએ માથું ઉચક્યું છે. કોરોનાના કેસમાં સતત વધારો થતા ચિંતા વધી છે. અમદાવાદ શહેરમાં રાજયના સૌથી વધુ ૬૦૬ કેસ અને ગ્રામ્યમાં ૭ નવા કેસ નોંધાયા છે. જ્યારે સુરત શહેરમાં ૫૬૩ નવા કેસ, જ્યારે સુરત ગ્રામ્યમાં ૮૧ કેસ નોંધાયા છે. વડોદરા શહેરમાં ૨૦૯ કેસ, જ્યારે ગ્રામ્યમાં ૪૮ કેસ નોંધાયા. રાજકોટ શહેરમાં ૧૬૪ કેસ અને ગ્રામ્યમાં ૬૩ કેસ નોંધાયા છે.

- ગુજરાતમાં ૨૨૦૦થી વધુ કેસ.
- ગુજરાતમાં કોરોનાના આજે ૨૨૨૦ નવા કેસ સાથે ૧૯૮૮ દર્દીઓ થયાં સાજા.
- ૨૪ કલાક દરમિયાન ૧૦ લોકોના થયાં મોત.
- IIM-અમદાવાદમાં કોરોના બ્લાસ્ટઃ ૭૦ સ્ટુડન્ટ-સ્ટાફ પોઝિટિવ.
- આઈઆઈટી ગાંધીનગર પણ કોરોનાના ભરડામાંઃ ૨૫ વિદ્યાર્થી સંક્રમિત.

## કેટલા લોકોને અપાઈ વેક્સિન ?

ગુજરાતમાં અત્યાર સુધીમાં ૪૭,૪૫,૪૯૪ લોકોને વેક્સિનનો પ્રથમ ડોઝ અને ૬,૪૩,૮૫૫ લોકોને રસીનો બીજો ડોઝ આપવામાં આવ્યો છે. આમાં રાજ્યમાં અત્યાર સુધીમાં ૫૩,૮૯,૩૪૯ લોકોને કોરોનાની રસી આપવામાં આવી છે.

## ચાર મહાનગરોમાં રાત્રિ કરફ્યુ ૧૫મી એપ્રિલ સુધી યથાવત

ગુજરાતમાં કોરોના કોવિડ-૧૯ સંક્રમણ નિયંત્રણ અંગેની ભારત સરકારની ગાઈડ લાઈન્સનો અમલ આગામી તા.૩૦ એપ્રિલ-૨૦૨૧ સુધી લંબાવવામાં આવ્યો છે. ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ પંકજકુમારે આ અંગેની વિગતો આપતાં જણાવ્યું કે, કોરોના સંક્રમણના વ્યાપને ધ્યાનમાં લેતાં રાજ્ય સરકારે કેન્દ્ર સરકારની કોરોના કોવિડ-૧૯ સંક્રમણ નિયંત્રણ માર્ગદર્શિકા આગામી તા.૩૦ એપ્રિલ સુધી યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. આ ઉપરાંત, રાજ્યના ૪ મહાનગરો અમદાવાદ, વડોદરા, સુરત અને રાજકોટમાં હાલ રાત્રે ૯ વાગ્યાથી સવારે ૬ વાગ્યા સુધી જે રાત્રિ કરફ્યુ અમલમાં છે તે પણ આગામી તા.૧૫ એપ્રિલ-૨૦૨૧ સુધી યથાવત ચાલુ રાખવામાં આવશે તેમ પણ ગૃહના અધિક મુખ્ય સચિવએ જણાવ્યું છે.

## અમદાવાદ IIM માં કોરોના બ્લાસ્ટ

IIM-અમદાવાદ કેમ્પસમાં ૭૦ જેટલા વિદ્યાર્થી, પ્રાધ્યાપક અને કર્મચારી કોરોના પોઝિટિવ આવતાં સમગ્ર કેમ્પસમાં ખળભળાટ મચી ગયો છે અને તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. IIM-અમદાવાદ ઉપરાંત એક અન્ય ઉચ્ચતર શિક્ષણ સંસ્થા ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી (IIT) ગાંધીનગરને પણ કોરોનાએ ભરડો લીધો છે. આઈઆઈટી-ગાંધીનગરના અધિકારીઓના જણાવ્યા પ્રમાણે, આઈઆઈટી કેમ્પસમાં ૨૫ વિદ્યાર્થી કોરોના સંક્રમિત થયા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર, હોળી-ધુળેટીના તહેવારોના બે દિવસમાં જ આઈઆઈએમમાં ૧૧૬થી વધુ લોકોના કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી વધુ ૧૬ લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે. આ સાથે કોરોના પોઝિટિવ કેસની કુલ સંખ્યા ૭૦ પર પહોંચી ગઈ છે, જેમાં આઈઆઈએમ-એના વિદ્યાર્થીઓ, પ્રોફેસરો અને કર્મચારીઓનો પણ સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે, ભારત-ઈંગ્લેન્ડની મેચ જોવા ગયેલા પાંચ વિદ્યાર્થીઓ કોરોના પોઝિટિવ આવ્યા બાદ IIM-અમદાવાદમાં ૭૦ જેટલા લોકો કોરોના પોઝિટિવ આવી ચૂક્યા છે.

૨૮ માર્ચે કરવામાં આવેલા ૧૧૬ લોકોના ટેસ્ટમાં પોઝિટિવ આવેલા ૧૦ લોકોમાંથી નવ વિદ્યાર્થીઓ છે, જ્યારે ૨૯ માર્ચે વધુ ૬ લોકો પોઝિટિવ નોંધાયા છે. બે દિવસમાં IIM-એમાં ૧૫ જેટલા વિદ્યાર્થીઓ સહિત કુલ ૨૩ લોકો પોઝિટિવ આવ્યા છે. ૨૬-૨૭ માર્ચે કરવામાં આવેલા કોરોના ટેસ્ટમાં વધુ પાંચ લોકો પોઝિટિવ આવ્યા હતા.ઉત્તર-પશ્ચિમ ઝોનના મ્યુનિસિપલ હેલ્થ અધિકારીઓએ જણાવ્યું હતું કે, IIM-અમદાવાદમાં ગઈકાલે ૨૯ માર્ચની રાત સુધીમાં કોરોનાના કુલ કેસનો આંકડો ૭૦એ પહોંચી ગયો છે. છેલ્લા ૧૫ દિવસમાં જ IIMમાં ૬૪ લોકો કોરોના પોઝિટિવ આવ્યા છે. IIM-એ દ્વારા કોરોનાના કેસો અંગેની જાહેર કરવામાં આવેલી સત્તાવાર વિગતો મુજબ, IIM-એમાં ૨૮ માર્ચે પણ ૧૧૬ લોકોના આરટી-પીસીઆર ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી ૧૦ લોકો કોરોના પોઝિટિવ આવ્યા હતા. ૨૭ માર્ચે ૧૦૯ લોકોના RT-PCR ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જેમાંથી આઠ લોકો પોઝિટિવ આવ્યા હતા.

## કોણ-કોણ આવ્યું પોઝિટિવ

ઈન્સ્ટિટ્યૂટના ડેશ બોર્ડની વિગતો મુજબ, કોરોનાના કેસો વધતાં ગત ૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી IIM દ્વારા કોરોનાના ટેસ્ટ શરૂ કરવામાં આવ્યા હતા. આઈઆઈએમ કેમ્પસમાં મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા ટેસ્ટ કેમ્પ અલગ અલગ દિવસો દરમિયાન હાથ ધરાયા હતા, જેમાં વિદ્યાર્થીઓ, પ્રોફેસરો, કોન્ટ્રેક્ટ પર કામ કરતા કર્મચારીઓ અને કમ્યુનિટી મેમ્બર્સ ઉપરાંત જેમને કોરોનાનાં લક્ષણો જણાયાં હતાં તેમના ટેસ્ટ કરવામાં આવ્યા હતા. ૧ સપ્ટેમ્બર ૨૦૨૦થી ૨૭ માર્ચ ૨૦૨૧ દરમિયાન IIM-એમાં કુલ ૧૯૦ જેટલા કોરોના પોઝિટિવ લોકો સામે આવ્યા છે, જેમાંથી ૮૫ વિદ્યાર્થીઓ, ચાર પ્રોફેસર, ૧૪ ઓન કેમ્પસ અને ૨૭ ઓફ કેમ્પસ સ્ટાફ, ૧૯ કોન્ટ્રાક્ટ સ્ટાફ અને ૪૧ કોમ્યુનિટી અને અન્ય સ્ટાફ પણ કોરોના પોઝિટિવ થયો હતો. હાલ કુલ ૪૩ વિદ્યાર્થી ક્વોરન્ટાઈન હોવાનું સામે આવ્યું છે.

ઉલ્લેખનીય છે કે, કોરોનાની બીજી ઘાતક લહેર વચ્ચે ૧૨ માર્ચ ૨૦૨૧ના રોજ મેચ નિહાળવા ગયેલા છ વિદ્યાર્થી પૈકી પાંચ વિદ્યાર્થી કોરોના પોઝિટિવ આવ્યા હતા. આ પાંચ વિદ્યાર્થીઓએ પરીક્ષામાં બેસવા માટે પોઝિટિવ હોવાની માહિતી છુપાવી હોવાનું પણ બહાર આવ્યું હતું. ત્યાર બાદ હવે કુલ ૬૩ લોકો પોઝિટિવ આવ્યા છે.

# રાજયના વહીવટી તંત્રમાં મોટાપાયે ફેરફારની સંભાવના




ગાંધીનગર,
આગામી અઠવાડિયામાં ગુજરાતની અમલદારશાહીમાં મોટાપાયે ફેરફાર થવા જઈ રહ્યાં છે. ચાવીરૂપ વિભાગો અનુભવી અધિકારીઓને હવાલે કરવામાં આવે તેવી સંભાવના છે.

ટોચના સૂત્રોના જણાવ્યાનુસાર કેટલાક મહત્વના અને અનુભવી અધિકારીઓની બીજા વિભાગમાં બદલી થઈ શકે છે અથવા તો કેટલાક વિભાગનો પૂર્ણકાલીન હવાલો મળી શકે છે.

આંતરિક વર્તૂળોમાંથી પ્રાપ્ત થતી વિગતો અનુસાર, વન્યુ, પર્યાવરણ અને વન, ઉદ્યોગ,ખાણ-ખનીજ, બંદર, ટ્રાન્સપોર્ટ અને હેલ્થ વિભાગમાં મોટાપાયે ફેરફાર અને બદલીની શક્યતા છે.

હાલમાં ગૃહ વિભાગના વધારાના હવાલાની જવાબદારી સંભાળતા એડિશનલ ચીફ સેક્રેટરી (રેવન્યુ) પંકજ કુમારની ગૃહવિભાગના પૂર્ણ કક્ષાના એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે નિમણૂંકની પૂરી સંભાવના છે.

અનિલ મુકિમને ચીફ સેક્રેટરી તરીકે એકસટેન્સન મળી ચૂક્યુ છે. ઉલ્લેખનીય છે કે પંકજ કુમાર અને ડો.ગુપ્તા ચીફ સેક્રેટરી પદના પ્રબળ દાવેદાર હતા પરંતુ કેન્દ્ર સરકારે અનિલ મુકીમને રાજ્યના ચીફ સેક્રેટરી તરીકે બીજી વાર ૬ મહિનાનું એક્સટેન્સન આપવાનો નિર્ણય કર્યો છે. અનિલ મુકીમ વડાપ્રધાન મોદીની ગૂડબુકના અધિકારી છે અને તેમને વહિવટીય શાખાનો ખૂબ બહોળો અનુભવ છે.

આ રીતે, પર્યાવરણ અને વન વિભાગમાં એડિશનલ ચીફ સેક્રેટરી તરીકે ફરજ બજાવતા ડો.રાજીવ કુમાર ગુપ્તાની ઉદ્યોગ વિભાગમાં એસીએસ તરીકે બદલી થઈ શકે છે. ડો.ગુપ્તા સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ અને સ્ટેચ્યુ ઓફ યુનિટી પ્રોજેક્ટનો વધારો હવાલો સંભાળવાનું ચાલુ રાખશે.

અરૂણ કુમાર સોલંકી પણ જીઓલોજી અને માઈન્સ વિભાગના વધારાના કમિશનર તરીકેનો હવાલો સંભાળી રહ્યાં છે. શહેરી વિકાસ વિભાગમાં ફરજ બજાવતા મુકેશ પુરીની પણ બદલી થઈ શકે છે. ઉચ્ચ શિક્ષણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી અંજુ શર્મા અને જીએમડીસીના એમડી અરૂણ કુમાર સોલંકીની પણ નવા વિભાગમાં બદલી થવાની શક્યતા છે.આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના પ્રિન્સિપલ સેક્રેટરી ડો.જયંતિ રવિને પુડુચેરીમાં સેન્ટ્રલ ડેપ્યુટેશન તરીકે રવાના કરાઈ રહ્યાં છે.

ઉદ્યોગ વિભાગમાં પણ મોટાપાયે બદલીની સંભાવના છે. ઉદ્યોગ કમિશનર રાહુલ ગુપ્તા અને Indext B ના એમડી નીલમ રાણીની પણ બદલીની ધારણા છે. નીલમ રાણી હાલમાં ગુજરાતમાં ડેપ્યુટેશન પર છે અને કેન્દ્ર સરકાર તેમને વધારે એક્સટેક્શન આપવાનો ઈનકાર કરી દીધો છે. નીલમ રાણીએ ગુજરાત કેડરના આઈએએસ અધિકારી અને હાલમાં ગાંધીનગર કલેક્ટર તરીકે ફરજ બજાવતા કુલદીપ આર્ય સાથે લગ્ન કર્યાં છે.

# સુરતના ગ્રામીણ ક્ષેત્રોમાં દાંડીયાત્રાનું ગ્રામજનોએ કર્યું ઠેર-ઠેર ભવ્ય સ્વાગત



સુરત,
૩૦ માર્ચ (હિ.સ.) આઝાદીના અમૃત મહોત્સવની ઉજવણી અંતર્ગત ૧૨મી માર્ચના રોજ અમદાવાદ ખાતેથી પ્રારંભ થયેલી દાંડીયાત્રાનું ૨૯મી માર્ચના રોજ બપોર બાદ ઓલપાડ તાલુકાના એરથાણથી ટકારમા, સોંદામીઠા થઈ ભટગામ પહોચી હતી. જયાં ઠેર ઠેર ગ્રામજનોએ ફુલહાર, સૂતરની આટીથી દાંડીયાત્રીઓનું ભવ્ય સ્વાગત કર્યું હતું. ટકારમા ગામેથી ભટગામ સુધી પાણી પુરવઠામંત્રી કુંવરજીભાઈ બાવળીયા દાંડીયાત્રામાં જોડાઈને યાત્રીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

ભટગામે યોજાયેલા દેશભકિતસભર કાર્યક્રમમાં સંબોધન કરતા મંત્રી બાવળિયાએ જણાવ્યું હતું કે, દાંડીયાત્રાએ આઝાદીના સંગ્રામમાં અનેરૂ મહત્વ ધરાવે છે. આ યાત્રાના પરિણામે અંગ્રેજોના પાયા હચમસી ગયા હતા. સમગ્ર વિશ્વએ આ યાત્રાનો નોંધ લીધી હતી. ગાંધીજીએ દાંડીયાત્રા દ્વારા સમગ્ર ભારતવાસીઓમાં આઝાદીની લડાય માટે નવી ઉર્જાનો સંચાર કર્યો હતો. જનજન સુધી આઝાદીની લડત લઈ જવા માટે અંગ્રેજોના જુલ્મી મીઠાના કરના કાળા કાયદા સામે ચપટી મીઠું ઉપાડીને ભંગ કર્યો હતો. આઝાદીની લડતમાં અનેક સ્વતંત્રતા સેનાનીઓ, વીરોના બલિદાનોને યાદ કરવા માટે ૭૫ વર્ષની ઉજવણીને યાદગાર બનાવવા માટે વડાપ્રધાનએ સમગ્ર ભારતમાં અમૃત મહોત્સવનું આયોજન કરીને આઝાદીના લડવૈયાઓ યાદ કરવાનો અવસર આપ્યો છે.આ વેળાએ રમતગમત યુવા સાસ્કૃતિક વિભાગ દ્વારા વિવિધ રાજયોના લોકનૃત્યો રજુ કરીને દેશભકિત સભર કાર્યક્રમ યોજાયો હતો. આ અવસરે તાલુકા પંચાયતના પ્રમુખ અમિતભાઈ, મામલતદાર ભરત સકસેના, તાલુકા વિકાસ અધિકારી, ગાંધી વિચારક ઈશ્વરભાઈ પટેલ, તા.પં.પ્રમુખ જીગ્નેશભાઈ, જિલ્લા યુવા વિકાસ અધિકારી રાધિકાબેન લાઠિયા, યુવા સરપંચ પ્રિયાબેન તથા મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

# કોરોનાના કેસો વધતા કેન્દ્રની ચિંતા વધી : ૧૦ જિલ્લાઓમાં સ્થિતિ અત્યંત ખરાબ



ન્યુ દિલ્હી,
દેશમાં કોરોના વાયરસનું સંક્રમણ ઝડપથી ફેલાઈ રહ્યું છે. છેલ્લા ૨૪ કલાકમાં ૫૬ હજારથી વધુ લોકો સંક્રમિત થયા છે, તો ૨૭૧ લોકો મૃત્યુ પામ્યા છે. જો કે આમાંથી મોટાભાગના કેસ દેશના કેટલાક રાજ્યોમાંથી આવ્યા છે. કોરોનાના સૌથી વધુ સક્રિય કેસો વાળા ૧૦ જિલ્લાઓમાં ૮ મહારાષ્ટ્રના છે. આ જિલ્લાઓ કોરોનાના ગઢ બની રહ્યા છેઆ ઉપરાંત દિલ્હી અને બેંગલુરૂ અર્બનનો પણ સમાવેશ થાય છે. કેન્દ્રના આરોગ્ય મંત્રાલયે એમ પણ કહ્યું કે દેશમાં કોવિડ-૧૯ ને લગતી સ્થિતિ કથળી છે, જે ચિંતાનું મોટું કારણ છે.

આ ૧૦ જિલ્લાઓમાં સૌથી વધુ એક્ટીવ કેસો કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે મંગળવારે જણાવ્યું કે દેશના ૧૦ જિલ્લાઓમાં કોરોનાના સૌથી વધુ સક્રિય કેસ છે. તેમાં પુણે, મુંબઈ, નાગપુર, થાણે, નાસિક, ઔરંગાબાદ, બેંગલુરૂ અર્બન, નાંદેડ, દિલ્હી અને અહેમદનગરનો સમાવેશ થાય છે. કેન્દ્રશાસિત પ્રદેશ દિલ્હીનો પણ અહીં એક જિલ્લા તરીકે સમાવેશ થાય છે. પુણેમાં ૫૮,૪૭૫ સક્રિય કેસ છે, મુંબઈમાં ૪૬,૨૪૮, નાગપુરમાં ૪૫,૩૨૨, થાણેમાં ૩૫,૨૬૪, નાસિકમાં ૨૬,૫૫૩, ઔરંગાબાદમાં ૨૧,૨૮૨, બેંગલુરૂ અર્બનમાં ૧૬,૨૫૯, નાંદેડમાં ૧૫,૧૭૧, દિલ્હીમાં ૮,૦૩૨ અને અહેમદનગરમાં ૭,૯૫૨ એક્ટીવ કેસ છે. કેન્દ્રીય આરોગ્ય સચિવ રાજેશ ભૂષણે જણાવ્યું કે દેશમાં સરેરાશ સાપ્તાહિક પોઝિટિવિટી રેટ ૫.૬૫ ટકા છે, જ્યારે મહારાષ્ટ્રમાં ૨.૩, પંજાબમાં ૮.૮૨, છત્તીસગઢમાં ૮, મધ્યપ્રદેશમાં ૭.૮૨%, તમિળનાડુમાં ૨.૦૪% છે , કર્ણાટક ૨.૪૫ ટકા, ગુજરાતમાં ૨.૨ ટકા અને દિલ્હીમાં ૨.૦૪ ટકા છે. ભૂષણે કહ્યું કે અમે આ રાજ્યોના પ્રતિનિધિઓ સાથે વાત કરી છે. તેમને કહ્યું છે કે કેસ વધતાં તેઓ કેમ ટેસ્ટમાં વધારો કેમ નથી કરી રહ્યાં. ટેસ્ટમાં વધારો કરવાની જરૂર છે અને RTPCR પર ફોકસ કરવું જોઈએ. વધુ ગીચ વસ્તીવાળા વિસ્તારોમાં સ્ક્રિનિંગ માટે રેપિડ એન્ટિજન ટેસ્ટ કરવા જોઈએ.

ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૫૬,૨૧૧ લોકો કોરોના વાયરસથી સંક્રમિત થયાની પુષ્ટિ કરવામાં આવી છે. આ સાથે દેશમાં કોવિડ-૧૯ના દર્દીઓની કુલ સંખ્યા વધીને ૧,૨૦,૯૫,૮૫૫ થઈ ગઈ છે. કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે મંગળવારે સવારે આઠ વાગ્યે જાહેર કરેલા આંકડા મુજબ કોરોનાથી વધુ ૨૭૧ દર્દીઓનાં મોત નીપજ્યાં છે. આ સાથે દેશમાં મૃતકોની કુલ સંખ્યા વધીને ૧,૬૨,૧૧૪ થઈ ગઈ છે. કોવિડ-૧૯ થી દેશમાં અત્યાર સુધીમાં ૧,૬૨,૧૧૪ દર્દીઓ મૃત્યુ પામ્યા છે, જેમાં મહારાષ્ટ્રમાં ૫૪,૨૮૩, તમિળનાડુમાં ૧૨,૬૮૪, કર્ણાટકમાં ૧૨,૫૨૦, દિલ્હીમાં ૧૧,૦૧૨, પશ્ચિમ બંગાળમાં ૧૦,૩૨૫, ઉત્તરપ્રદેશમાં ૮,૭૯૦, આંધ્રપ્રદેશમાં ૭,૨૧૦ અને પંજાબમાં ૬૭૪૯ લોકોના મોત થયા છે.

## WHOની ચીનને ક્લિનચીટઃ પ્રાણીઓમાંથી આવ્યો કોરોના

કોરોના ચામાચિડીયાથી અન્ય પ્રાણીઓ દ્વારા મનુષ્યોમાં ફેલાયાની આશંકાઃ લેબમાંથી વાયરસ પ્રસરવાને છોડીને અન્ય તમામ પાસાઓ પર આગળ તપાસ કરવાનો પ્રસ્તાવ મૂક્યો.

કોવિડ-૧૯ કેવી રીતે અને ક્યાંથી ફેલાયો તેની તપાસ માટે ચીનનો પ્રવાસ કરનારી વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ)ની ટીમ અનુસાર કોરોના વાયરસ સંક્રમણ ચામાચિડીયાથી અન્ય પ્રાણીઓ દ્વારા મનુષ્યોમાં ફેલાવવાની આશંકા છે. લેબ દ્વારા વાયરસ ફેલાવવાની આશંકા ઘણી ઓછી છે. જો કે, તપાસ રિપોર્ટમાં આશા અનુસાર ઘણા પ્રશ્નોના જવાબ મળ્યાં નથી. આ રિપોર્ટ ઉપરથી એટલુ કહી શકાય કે ડબલ્યુએચઓએ ચીનને ક્લિનચીટ આપી છે.

ટીમે લેબમાંથી વાયરસ પ્રસરવાને છોડીને અન્ય તમામ પાસાઓ પર આગળ તપાસ કરવાનો પ્રસ્તાવ મૂક્યો છે. રિપોર્ટને જાહેર કરવામાં સતત મોડું થઈ રહ્યું છે, જેની સામે સવાલ ઉઠી રહ્યાં છે કે, ક્યાંક ચીની પક્ષ તપાસના તારણોને પ્રભાવિત કરવાનો પ્રયાસ તો નથી કરી રહ્યો, જેથી ચીન પર કોવિડ-૧૯ ફેલાવવાનો દોષ ન લાગે. વર્લ્ડ હેલ્થ આર્ગેનાઈઝેશનના એક અધિકારીએ ગયા અઠવાડિયાના અંતમાં કહ્યું હતું કે, તેમને આશા છે કે ટીમનો રિપોર્ટ આગામી કેટલાક દિવસોમાં જાહેર કરી દેવામાં આવશે.

ઉલ્લેખનીય છે કે, દુનિયામાં કોરોના વાયરસના ચેપગ્રસ્તોનો આંકડો ૧૨.૬૭ કરોડને પાર પહોંચી ચૂક્યો છે. દુનિયાના ૧૯૦થી વધુ દેશ કોરોના વાયરસની ઝપેટમાં આવી ચૂક્યાં છે. જ્યારે મહામારીથી ૨૭.૭૭ લાખથી વધુ લોકોના મૃત્યુ થયા છે. દુનિયામાં એક કરોડથી વધુ ચેપગ્રસ્તોની સંખ્યાવાળા દેશોમાં અમેરિકા બાદ બ્રાઝીલ બીજા નંબરે છે. જ્યારે ભારત ત્રીજા નંબરે છે.

## તહેવારોનું લાગ્યુ કોરોનાનું ગ્રહણ : હોળી-ધૂળેટીના ૩૫ હજાર કરોડ રૂપિયાના વેપારને ફટકો

ન્યુ દિલ્હી,
જીવલેણ કોરોના મહામારીથી તહેવારો-ઉત્સવોને પણ ગ્રહણ લાગ્યુ છે. હોળી-ધૂળેટીનો તહેવાર આખા દેશમાં દર વર્ષે ઉત્સાહપૂર્વક ઉજવાતો હોય છે. જોકે આ વખતે કોરોનાના કારણે આ તહેવારની ઉજવણીનો રંગ ફિક્કો રહ્યો હતો.
હોળી ધૂળેટી પહેલા જ દેશભરમાં કોરોનાની લહેર તેજ બન્યા બાદ સંક્રમણે હાહાકાર મચાવ્યો હોવાથી મોટા ભાગના રાજ્યોમાં હોળી ધૂળેટીની ઉજવણી પર જાત જાતના પ્રતિબંધો લાદી દેવામાં આવ્યાં હતાં. જેના કારણે આ તહેવારમાં થતા વેપારને ભારે નુકસાન થયું છે.

વેપારીઓના સંગઠન કોન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સનું કહેવુ છે કે, અલગ અલગ રાજ્યોના વેપારી સંગઠનોના નેતાઓ સાથે થયેલી વાતના આધારે કહી શકાય કે દર વર્ષે હોળી ધૂળેટી નિમિત્તે પીચકારીઓ, રંગ, ખાવા પીવાની બીજી વસ્તુઓનો ૫૦,૦૦૦ કરોડ રૂપિયાનો વેપાર દેશભરમાં થતો હોય છે પણ આ વખતે કોરોનાના કારણે આ વેપારને ૩૫,૦૦૦ કરોડ રૂપિયાનો ફટકો વાગ્યો છે. વેપારીઓ પાસે હજારો કરોડો રૂપિયાનો સ્ટોક પડી રહ્યો છે.
દર વર્ષે હોળી ધૂળેટી માટે ૧૦,૦૦૦ કરોડ રૂપિયાના સામાનને ચીનથી આયાત કરવામાં આવતો હોય છે. આ વખતે જો કે ચીનમાંથી એક પણ રૂપિયાની નિકાસ થઈ નથી. આમ, ચીનને પણ ભારે નુકસાન સહન કરવું પડ્યું છે.

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કોળચા રમેશભાઈ શંકરભાઈ
મુ. તોયણી પટેલફળીયું, તા. દે.બારીઆ

કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.
- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

કોળચા મોહનભાઈ તેરસિંગભાઈ
મુ. તોયણી ભગતફળીયું, તા. દે.બારીઆ

## ગુજરાત રાજ્ય વકફ બોર્ડ

ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નંબર ૮, ગાંધીનગર

વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬
વિષય "અલ ફલાહ ખિદમત વકફ"

ઉપરોક્ત જણાવેલ વકફના મુતવલ્લી ગાજી સલીમ ગુલામમોહંમદ મુ.સંતરામપુર, જી.મહિસાગર નાઓ એ મજકુર વકફના ઉદ્દેશો પુર્ણ કરવાના હેતુ માટે નીચે જણાવેલ સ્થાવર મિલ્કત વકફ જંગમ/સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરાવવા માટે નિયત નમુનામા દરખાસ્ત કરેલ છે. જે મિલ્કતની વિગત નીચે મુજબ છે.

| જીલ્લો અને તાલુકો | ગામ/મુ.પો./હે. | મિલ્કતનો પ્રકાર | સર્વે નં./મિલ્કત નં. | ચો.ફુટ |
|---|---|---|---|---|
| તા.સંતરામપુર જી.મહિસાગર | મુ.પો. સંતરામપુર | પ્લોટ | રેવન્યુ સર્વે નં.૨૫૪ પૈકી પ્લોટ નં.૨૦ | ૧૨૩૭.૨૧ |

ઉકત જણાવેલ સ્થાવર મિલ્કત વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ અન્વયે નોંધણીની દરખાસ્ત ગુજરાત રાજય વકફ બોર્ડ, ગાંધીનગર ની વિચારણા હેઠળ હોઈ આ સબંધે કોઈ વ્યક્તિ કે સંસ્થાના વાંધાસૂચનો હોય તો તે દિન-૭ માં ગુજરાત રાજ્ય વકફ બોર્ડ, ગાંધીનગરની કચેરી ને મળી જાય તે રીતે લેખિતમાં આપવા જણાવવામાં આવે છે. જો કોઈ વાંધા સૂચનો કે રજૂઆત જણાવેલ સમયે મર્યાદામાં બોર્ડની કચેરીમાં નહિ મળે તો ઉક્ત જણાવેલ વકફના વકફ અધિનિયમ ૧૯૯૫ અને વકફ (સુધારા) અધિનિયમ-૨૦૧૩ ની કલમ ૩૬ હેઠળ નોંધણી કરવાની કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મુખ્ય કારોબારી અધિકારી
ગુજરાત રાજ્ય વકફ બોર્ડ,
ગાંધીનગર

# મહીસાગર જિલ્લામાં આજે ૨૫ પોઝિટિવ કેસ નોંધાયા

લુણાવાડા,
કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી નેહા કુમારીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૩ પુરૂષ, કડાણા તાલુકાની ૦૩ સ્ત્રી, ૦૩ પુરૂષ, ખાનપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૫ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૨ સ્ત્રી, ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, વિરપુર તાલુકાના ૦૨ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૩૦-૦૩-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૨૩૫૬ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લાધમાં સારવાર લઇ રહેલા દર્દીઓ પૈકી બાલાસિનોર તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, કડાણા તાલુકાની ૦૧ સ્ત્રી, ૦૨ પુરૂષ, લુણાવાડા તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૫ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૪ સ્ત્રી, ૦૩ પુરૂષ દર્દીઓએ કોરોનાને મ્હાºત આપતાં તેમને રજા આપવામાં આવી છે. આમ, જિલ્ામાં અત્યાર સુધીમાં કુલ ૨૧૭૯ દર્દીઓ સ્વસ્થ થઇને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૯ વ્યકિતનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૩૮ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૪૭ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/કોરોનાના કુલ ૧૪૫૮૯૫ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૭૮ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઇલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૧૬ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ-લુણાવાડા, ૯૮ દર્દી હોમ આઇસોલેશન, ૩ દર્દી એસ. ડી.એચ.સંતરામપુર અને ૧૩ દર્દી અન્ય જિલ્લા ખાતે સારવાર હેઠળ છે. કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૧૧૧ દર્દીઓ સ્ટેબલ અને ૧૫ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૪ વેન્ટીલેટર પર છે.

## ગોધરા-અમદાવાદ બાયપાસ હાઈવે છબનપુર બ્રીજ ઉપર થી પસાર થતી કાર માંથી ૩૫ હજારનો દારૂ ઝડપ્યો

ગોધરા,
ગોધરા-અમદાવાદ બાયપાસ હાઈવે રોડ છબનપુર બ્રીજ ઉપર પોલીસના વાહન ચેકીંગ દરમ્યાન શંકાસ્પદ કારને રોકી હતી અને ચેકીંગ કરતા ૩૫,૭૬૦/-રૂપીયાના દારૂ મોબાઈલ ફોન રોકડ મળી ૧,૮૬,૭૬૦/-રૂપીયાના મુદ્દામાલ એક ઈસમને ઝડપી પાડવામાં આવ્યો.

પ્રાપ્ત વિગતો પ્રમાણે ગોધરા-અમદાવાદ બાયપાસ હાઈવે છબનપુર બ્રીજ ઉપર એ ડીવીઝન પોલીસ વાહન ચેકીંગમાં હતી. દરમ્યાન કાર નંબર જીજે.૦૧.કેડી.૩૫૩૬ને રોકી હતી અને ચેકીંગ કરતા કારમાંથી કાચની દારૂની બોટલ, પ્લાસ્ટીક કવાટર મળી કિંમત ૩૫,૭૬૦/-રૂપીયાના મુદ્દામાલ ઝડપી પાડવામાં આવ્યો હતો. પોલીસે કાર ચાલક વિકાસ સદાશિવ જયસ્વાલ (એમ.પી.)ને મોબાઈલ ફોન, રોકડ તથા કાર મળી ૧,૮૬,૭૬૦/-રૂપીયા કબજે લઈ આ બાબને એ ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

## જૂનાગઢના સક્કરબાગ ઝૂમાંથી છેલ્લા ૩ વર્ષમાં ૨૪ સિંહ બીજા રાજ્યના ઝૂમાં મોકલાયા

ગાંધીનગર,
છેલ્લા ત્રણ વર્ષમાં જૂનાગઢ સક્કરબાગ ઝૂમાંથી કુલ ૨૬ સિંહ વિવિધ ઝૂમાં આપવામાં આવ્યા છે જેમાંથી ૨૪ સિંહ અન્ય રાજ્યોના પ્રાણી સંગ્રહાલયમાં મોકલવામાં આવ્યા છે. જયારે એક સિંહ ગાંધીનગરના ઈન્દ્રોડા પાર્કમાં અને એક સિંહ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતેના જંગલ સફારી પાર્કમાં મોકલવામાં આવ્યા હોવાની માહિતી વન મંત્રીએ વિધાનસભામાં રજૂ કરી હતી.

વિધાનસભામાં સરકારે આપેલી માહિતી મુજબ ગીર અભયારણ્ય અને તેની નજીકના વિસ્તારોમાં વર્ષ ૨૦૧૭ના એક જ વર્ષમાં ગેરકાયદે લાયન શો યોજવાના કુલ ૧૧ બનાવ બન્યા હતા. આ ગુના બદલ વન વિભાગે આરોપીઓ સામે વન્ય પ્રાણી અધિનિયમ હેઠળ કાર્યવાહી કરી હતી. આ ઉપરાંત રાજયમાં વન વિસ્તારમાં ત્રણ વર્ષમાં આગના ૩૦૫૬ બનાવ બન્યા હોવાનું જણાવ્યું હતું. વર્ષ ૨૦૧૭-૧૮માં સૌથી વધુ ૧૨૭૬ બનાવ બન્યા હતા.

## ખુદરા ખાતે વણજારા સમાજની રીતી રિવાજ મુજબ હોલિકાદહનના કાર્યકર્મો યોજાયા



મોરવા(હ),
રાજયભરમાં લોકોએ હોળીનું દહનના તહેવારની ઉજવણી કરી હતી. સરકારે જાહેર કરેલી ગાઈડલાઈન પ્રમાણે લોકોએ હોળીનું દહન કર્યું હતું.

સમગ્ર મથકમાં આજે હોળી દહન કરવામાં આવ્યું છે. ત્યારે મોરવા હડફ તાલુકાનાં ખુદરા ગામે વણજારા સમાજ દ્વારા હોળીના દહનનો તહેવાર ઉજવવામાં આવ્યો છે. ત્યારે વણજારા સમાજ ની રિતી રીવાજ મુજબ હોળીની ધામધુમથી ઉજવણી કરવામાં આવી છે.

## દાહોદ નગર પાલિકામાં યોજાનારી સભામાં માત્ર બજેટ રજૂ કરવામાં આવશે, વિવિધ સમિતિઓની રચના કરવાનો કોઈ એજન્ડા નહીં

દાહોદ,
દાહોદ નગર પાલિકામા ૩૧ માર્ચના રોજ યોજાનારી સભામાં માત્ર બજેટ રજૂ કરવામા આવશે. આ સભામાં વિવિધ સમિતિઓની રચના કરવાનો કોઈ એજન્ડા ન હોવાથી પદ વાંચછુઓ વિમાસણમા મુકાયા છે. એક મહિના સુધી સમિતિઓની રચના શકય જણાતી નથી ત્યારે હાલ તો પાલિકાનો વહીવટ પાંચ પાંડવોના હાથમા જ રહશે તે નિશ્ચિત છે.

દાહોદ નગર પાલિકામા ભાજપે ૩૬ માથી ૩૧ બેઠકો ઉપર વિજય મેળવ્યો છે. મુખ્ય પાંચ હોદ્દેદારોની નિમણુંક તારીખ ૧૭ માર્ચના રોજ કરી દેવામા આવી છે પરંતુ અન્ય સમિતિઓની રચના કરવામા આવી નથી. તેવા સમયે નાણાંકીય વર્ષના અંતિમ દિવસ ૩૧ માર્ચના રોજ દાહોદ પાલિકાની સામાન્ય સભા યોજાવાની છે, પરંતુ આ સભામા માત્ર ૨૦૨૧-૨૨નુ બજેટ જ પસાર કરવામા આવશે. કારણ કે સમિતિઓની સંરચનાનો એજન્ડામા નથી. આમ થતા મલાઈદાર ચેરમેનશીપ મેળવવાની કતારમાં ઉભેલાઓની ધીરજ સ્વાભાવિક રીતે જ ખુટી રહી છે.

પાલિકાના પ્રમુખના જણાવ્યા પ્રમાણે સમિતિઓની રચનામા એક મહિનો નીકળી શકે છે અને એપ્રિલ અંત સુધી થવાની શકયતા છે. તે મોરવા હડફની પેટા ચુંટણીનો હવાલો પણ આપી રહ્યા છે. આમ સુશાસનની વાતોને વરેલા નેતાઓ શહેરીજનોની સુખાકારી માટે વહેલી તકે સમિતિઓની સંરચના કરે તે શહેરના હિતમા છે. પરંતુ હાલ તો પાલિકાનો વહીવટ પંચ પરમેશ્રવર જ કરશે તેમ લાગી રહ્યુ છે.

# દે.બારીઆ શહેરમાં ઠેરઠેર બીલાડીના ટોપની જેમ ફૂટી નિકળેલા જયુસ સેન્ટરો



તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,
દે.બારીઆ શહેર તેમજ પૂરા પંથકમાં ઉનાળામાં સૂર્ય દેવતા એ પોતાનું આકરૂ સ્વરૂપ બતાવવા માંગ્યું છે. સવાર થી સૂર્ય નારાયણ આકાશ માંથી અગનગોળાનું વરસાદ કરતા આકરી ગરમી ૩૮ થી ૪૦ ડીગ્રી સુધીનું ટેમ્પ્રેચરનો ઊંચો પારો જોવાય છે. ત્યારે બીજી બાજુ ઠંડા પાણીના પથારાવાળાઓને ઘી કેળા છે. ઉનાળાની ઋતુ શરૂ થતાં પહેલા કેરીના નામ ઉપર નકલી જયુસ જે સ્વાસ્થ્યને હાનિકારક હોય છે. તે કલર પ્રમાણ થી વધુ વાયકીને જયુસ બનાવીને પરપ્રાંતિયો એ ધામા હોળી પહેલા નાખી ચૂકયા છે. આ પરપ્રાંત માંથી આવત પથારાવાળાઓને કોઈ જ કોરોનાની ચકાસણી થતો નથી. તેમજ તેમન સ્ટોલો ઉપર ગાઈડ લાઈનનું પાલન થતું હોય તેવું દેખવા મળતું નથી. આ પથારાવાળા મહારાષ્ટ્રના આવ્યા કે મધ્યપ્રદેશ થી આવ્યા કે પછી કોઈ કોરોના સંક્રમણના હોસ્ટપોસ્ટ માંથી આવ્યા. તેની કોઈ જ તપાસ થતી નથી જ્યારે કોઈ પરપ્રાંતિયને ઘર ભાડે આપો ત્યારે પાસેના પોલીસ સ્ટેશને જાણકારી આપવી પડે છે. તો કેમ પરપ્રાંતિયો આવ્યા છે. તેમને કોરોનાની ચકાસણી કેમ ના કરવી ? તે યક્ષ પ્રશ્ન છે.

મળતી માહિતી અનુસાર આવા જયુસ સેન્ટરોમાં નકલી એસન્સ કલર નાખી જયુસ બનાવવાની વેચાણ કરવાનો પરવાનો કોણ આપે છે. ખાલી દેખાવ ખાતર કેરીઓ પણ હાનિકારક પદાર્થથી પકવવામાં આવતી હોય છે. તેવી રીતે સ્ટોલ ઉપર મૂકી રાખવામાં આવે છે. અને અન્ય થી જયુસ બનાવીને ગામડા માંથી આવતી ભોળી પ્રજાને લુંટવામાં આવે છે. આ અંગે જીલ્લાનું વહીવટી તંત્ર તેમજ ફુડ એન્ડ ડ્રગ્સ વિભાગ અધિકારીઓ જાગૃતા દાખવે અને આવા નકલી બીલાડીની ટોપની જેમ જયુસ સેન્ટરોને તપાસવામાં આવે જયુસને ચકાસણી માટે લેબ્રોટરીમાં સેમ્પલો લઈને મોકલવામાં આવે તેવી બુદ્ધીજીવીઓ તેમજ આમ જનતાની માંગ ઉઠવા પામી છે કે પછી પથારાવાળા નકલ જયુસ સેન્ટરો ચલાવતા સંચાલકો પાસેથી લેવડ દેવડનો વ્યવહાર લઈને જનતાના સ્વસ્થ સાથે ચેડા કરવાના પરવાના આપી દેવામાં આવતાં હોય છે. તે તો ઉચ્ચપદના અધિકારીઓ તપાસનો દોર ચલાવે તો ઘણુંબધું બહાર આવે તો નવાઈ નહિ.

## ઝાલોદમાં GEB પાછળના ભાગે અગમ્ય કારણો થી લાગેલ આગને લોકોમાં ફફડાટ

ઝાલોદ,
ઝાલોદ નગરમાં આવેલ સંતરામપુર રોડ ખાતે જી.ઈ.બી.ની પાછળના ભાગે બપોરના બે વાગ્યાના સમયગાળા દરમ્યાન અગમ્યો કારણોસર આગ લાગતાં જોતજોતામાં આગે વિકરાળ રૂપ ધારણ કર્યું હતું. લાગેલ આગને પગલે આસપાસના લોકોમાં ભયનો માહોલ પણ જોવા મળ્યો હતો. આગને કારણે ધુમાડાના ગોટેગોટા ફરી વળ્યાં હતાં. ઘટનાની જાણ આસપાસના લોકોને થતાં સ્થળ પર લોકટોળા ઉમટી પડ્યાં હતાં જેની જાણ નજીકના ફાયર સ્ટેશનને કરાતાં ફાયર ફાઈટરના લાશ્કરો પાણીના બંબા સાથે સ્થળ પર દોડી ગયાં હતાં અને પાણીનો મારો ચલાવી ભારે જહેમત બાદ આગ ઉપર કાબુ મેળવ્યો હતો.

# કોલસા કૌભાંડમાં ફરાર મુખ્ય સુત્રધાર અનૂપ માજી ઉર્ફે ’લાલા’ CBI સમક્ષ થયો હાજર



કોલકત્તા,
હજારો-કરોડ રૂપિયાના કોલસા કૌભાંડમાં ૪ મહિનાથી ફરાર માસ્ટરમાઈન્ડ અનૂપ માજી ઉર્ફે લાલા મંગળવારે કોલકતામાં ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ હાજર થઈ ગયો છે. CBIના એન્ટી કરપ્શન બ્રાન્ચે લાલાને હાજર રહેવા માટે કહ્યું હતું. જો કે આ પહેલા પણ અનેક વખત ઈઈઈએ લાલાને નોટિસ આપી હતી, પરંતુ ૪ મહિનાથી હાજર નહતો થઈ રહ્યો. લાલાની પૂછપરછની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે.

CBIએ લાલા વિરૂદ્ધ ધરપકડ વોરન્ટ પણ ઈસ્યુ કર્યું હતું. આ સાથે જ તેની સંપત્તિ પણ જપ્ત કરવાની પ્રક્રિયા શરૂ કરવામાં આવી છે. અગાઉ પણ CBIએ હજારો કરોડ રૂપિયાના ગેરકાયદેસર કોલસા કૌભાંડ મામલે માસ્ટર માઈન્ડ અનુપ માજી ઉર્ફે લાલાને નોટિસ આપીને તેને ૩૦ માર્ચે પૂછપરછ માટે હાજર રહેવા માટે કહ્યું હતું. બીજી તરફ અનૂપ માજીની ધરપકડ પર ૬ એપ્રિલ સુધી સુપ્રીમ કોર્ટે રોક લગાવી દીધી છે. સુપ્રીમ કોર્ટે અનુપ માજીને CBI તપાસમાં સહયોગ કરવા કહ્યું છે.

કોર્ટે પણ પોતાના આદેશમાં સ્પષ્ટતા કરી હતી કે,તેનાથી તપાસ પર કોઈ અસર નહીં પડે. સુપ્રીમ કોર્ટે ૬ એપ્રિલે આ મામલે આગામી સુનાવણી કરશે. એજન્સીને ફરાર માજીની શોધખોળ માટે તેના વિરૂદ્ધ લૂકઆઉટ સર્ક્યુલર ઈસ્યુ કર્યું હતુ. શુક્રવારે CBIએ અનૂપ માજી ઉર્ફે લાલાને નોટિસ મોકલી હતી.

બીજી તરફ CBIએ શુક્રવારે કોલસા કૌભાંડ સંદર્ભે દિલ્હી સ્થિત પ્રવર્તન નિર્દેશાલય (ED)ની એક કોર્ટે તૃણમૂલ યુવા કોંગ્રેસના નેતા વિનય મિશ્રાના ભાઈની અટકાયતનો આગ્રહ કર્યો હતો. વિનયના ભાઈ વિકાસ મિશ્રા હજુ પણ EDની કસ્ટડીમાં છે, જેની ૧૬ માર્ચે દિલ્હીથી ધરપકડ કરવામાં આવી હતી.

કોલસા કૌભાંડમાં વેપારી અમિત અગ્રવાલને પણ CBIએ પૂછપરછ માટે બોલાવ્યા હતા. જે કોલસા કૌભાંડના સુત્રધાર અનુપ માજીનો સહયોગી છે. CBIએ કુલ્ટી અને દુર્ગાપુર સ્થિત અગ્રવાલના પરિસરો અને કોલકત્તા સ્થિત તેની કંપનીના હેડક્વાર્ટર પર દરોડા પાડ્યા હતા. CBIએ તૃણમૂક કોંગ્રેસના નેતા અભિષેક બેનર્જીની પત્ની રૂજિરા અને તેની સબંધી મેનકા ગંભીરની પણ પૂછપરછ કરી હતી.

ઝારખંડના ધનબાદ સાથે સંકળાયેલા પશ્ચિમ બંગાળના વિસ્તારો ઈસ્ટર્ન કોલફીલ્ડ્સ લિમિટેડની ખાણોમાંથી ગેરકાયદેસર કોલસાનું ખનન અને તેને ઝારખંડ, બિહાર અને ઉત્તર પ્રદેશમાં વેચવા સાથે સંકળાયેલો છે. આ ગેરકાયદેસર ખનન જે જમીનો પર થયુ છે, તેમાં રેલવેની પણ જમીનો છે. આ સમગ્ર કેસમાં ઈસ્ટર્ન કોલફીલ્ડ્સ લિમિટેડ ઉપરાંત રેલવે અને CISFના અધિકારીઓની મિલીભગતની વાત સામે આવી રહી છે. આ કૌભાંડ અનેક રાજ્યોમાં ફેલાયુ છે. જેમાં કેન્દ્ર સરકાર હસ્તગત આવતી અનેક સંસ્થાઓ સાથે સંકળાયેલા અધિકારીઓની પણ સંડોવણી હોવાનું કહેવાઈ રહ્યું છે.

અનૂપ માજીએ CBIની FIR રદ્દ કરવા માટે કોલકતા હાઈકોર્ટની સિંગલ બેંચમાં અરજી દાખલ કરી હતી. જેણે કહ્યું હતું કે, પશ્ચિમ બંગાળ સરકાર ૨૦૧૮માં જ CBIને મંજૂરી વિના રાજ્યમાં તપાસ કરવાથી રોકવાનો આદેશ આપી ચૂકી છે. આથી રાજ્ય સરકારની મંજૂરી વિના FIR દાખલ કરવી ગેરકાનૂની છે. જો કે સિંગલ બેન્ચે FIR રદ્દ કરવાનો ઈન્કાર કરતા કહ્યું કે, રેલવે હસ્તગત આવતી જમીનમાં થેયલી ગેરકાયદેસર ગતિવિધીઓ માટે રાજ્ય સરકારની મંજૂરીની કોઈ આવશ્યક્તા નથી. જો કે અન્ય ઠેકાંણે દરોડા પાડવા સહિત અન્ય કાર્યવાહી માટે CBIએ રાજ્ય સરકાર પાસે મંજૂરી લેવી પડશે.

વર્ષ ૨૦૨૦થી જ CBI સહિતની કેન્દ્રીય તપાસ એજન્સીઓએ લાલા પર સકંજો કસવાનો શરૂ કરી દીધો હતો, જેથી રાજનીતિની સાથે તેના નેક્સસનો ભાંડો ફોડી શકાય. આ સમગ્ર કવાયતને આગામી પશ્ચિમ બંગાળ વિધાનસભા ચૂંટણીને ધ્યાનમાં રાખીને જોવામાં આવી રહી છે. લાલાની વિરૂદ્ધ ચાલી રહેલી CBIની તપાસ અને પૂછપરછમાં રાજ્યના મુખ્યમંત્રી મમતા બેનર્જીના ભત્રીજા અભિષેક બેનરજીની પત્ની અને સાળી પણ આવી ગયા છે. આથી પશ્ચિમ બંગાળની બાકી રહેલા તબક્કાની ચૂંટણીમાં મતદાન પર તેની કેટલી અસર થશે? તેતો આવનારો સમય જ કહેશે.

# સાવધાન : લૉટરી લાગ્યા, ગિફ્ટ મળ્યાના મેસેજ વાંચ્યા વગર ડિલીટ કરી પરમેનન્ટ બ્લૉક કરો



આજના ડિજિટલ યુગમાં સ્માર્ટ મોબાઈલ ફોનમાં રોજના કરોડો મોબાઈલ ઍપ ડાઉનલોડ થાય છે. આશ્ર્ચર્યની વાત તો એ છે કે જ્યારે કોઈએ પ્રિન્ટેડ ફોર્મ કોઈ પણ કામ માટે ભરવાનું હોય છે ત્યારે તેમાં તેની અંગત માહિતી ભરતા પહેલા પચાસ વાર વિચારે છે, પ્રશ્ર્નો પૂછે છે પછી માહિતી આપે છે, પણ આજ વ્યક્તિ જ્યારે કોઈ ઍપ તેના મોબાઈલમાં ડાઉનલોડ કરે છે ત્યારે તેમાં "આય એગ્રીની એક વિન્ડો ટર્મ્સ ઍન્ડ કન્ડિશન્સ માટે ખૂલે છે, આ ટર્મ્સ ઍન્ડ કન્ડિશન્સ ક્યારેક તો ૧૦,૦૦૦ શબ્દો જેટલી મોટી હોય છે, પણ ઍપ ડાઉનલોડ કરીને તેનો ઉપયોગ કરવાની ઉતાવળમાં મોટાભાગના લોકો આ ‘આય એગ્રી કોલમમાં ટિક શર્તો વાંચ્યા વગર એગ્રી કરે છે અને અહીંથી જ શરૂઆત થાય છે તકલીફોની.

૨૧મી સદીમાં મોબાઈલ ઍપ વગર લાઈફ શક્ય નથી તેથી મોબાઈલ ઍપ દરેકની જિંદગીનું એક મહત્ત્વનું અંગ છે. ઍપ કંપનીઓ પણ યુઝર પાછળથી કાનૂની પગલાં ના ભરે તેના માટે જરૂરી - બિનજરૂરી એવી દરેક શર્ત તેમાં ભરે છે. તેમાં તમારી માહિતી તેઓ બીજા સાથે શેર કરે અથવા કોઈ વાપરે તો તેના માટે તેઓ જવાબદાર નથી. તમને પ્રમોશનલ મેસેજ આવે તેમાં કોઈ વાંધો નથી તેવું એગ્રી કરાવે છે અને તેથી દરેક મોબાઈલ ઍપમાં "આય એગ્રી કોલમમાં ટિક કરવી આવશ્યક છે.

હાલમાં જ બ્રિટનમાં ગ્રેગ નામના યુવાને ૨૦૧૮માં ‘સ્કાય બેટ’ કે જે ઑનલાઈન ગેમ્બલિંગ ઍપ છે તે ડાઉનલોડ કરેલું અને તેમાં ૧૦,૦૦૦ શબ્દોના ટર્મ્સ ઍન્ડ કન્ડિશનના "આય એગ્રી કોલમમાં ટિક કરીને ઍપ વાપરવાનું શરૂ કરી દીધું. એક વર્ષમાં તો તે ૧૫૦૦૦ પાઉન્ડ ફૂટબોલની બેટ્સમાં હારી ગયો અને તેને તેના હોમ લોન્સના હપ્તા ચૂકવવામાં મુશ્કેલી થતા ગેમ્બલિંગ ઍપમાં ફૂટબોલની બેટ લગાડવાનું બંધ કરી દીધું, પણ એક દિવસ તેને ઈમેલ આવ્યો જેમાં કહેવામાં આવ્યું કે તેની બૅંક લોનના ઈએમઆઈ ચૂકવવામાં મદદ કરવા માટે મોબાઈલ ઍપમાં ૧૫૦૦ પાઉન્ડની ફ્રી ક્રેડિટ આપવામાં આવશે, જેમાંથી તે ૪૦,૦૦૦ પાઉન્ડ જેટલી કમાઈ કરી શકશે. આટલું જ નહીં ઈમેલમાં ગ્રેગના શોખ તેની શોપિંગ જરૂરિયાતો બૅંકિંગ એકાઉન્ટમાં નહીંવત્ બેલેન્સ હોવાના કારણે લોનની પ્રપોઝલ્સ વગેરેનો ઉલ્લેખ થતા ગ્રેગને ખ્યાલ આવ્યો કે તેની પૂરી કુંડળી આ લોકો પાસે પહોંચી ગઈ છે. ગ્રેગે ૨૫૦૦ વાર ઍપમાં નાણાં ભરેલા તેથી ઍપમાં તે બહુ ઈમ્પોર્ટન કસ્ટમરની શ્રેણીમાં આવી ગયેલ અને જ્યારે તેણે ફૂટબોલની બેટ લગાડવાનું ઍપમાં બંધ કરી દીધેલ ત્યારે ઍપએ કંપનીને "હાઈ વેલ્યૂ વીન બેક કસ્ટમરનો મેસેજ ફલેગ કરતા સિસ્ટમે ઈમેલ જનરેટ કરીને ગ્રેગને મોકલ્યો હતો.

બ્રિટનમાં દર મહિને દોઢ લાખ વાર સ્કાય બેટનું ઍપ ડાઉનલોડ કરવામાં આવે છે, જેમાં વર્ષે ૭.૪ બિલિયન પાઉન્ડ્ઝની કમાણી આ ઍપ કરે છે, આવા તો કેટલાય ઍપ્સ હોય છે.

બ્રિટનમાં તો સાયબર લૉમાં પ્રાઈવેટ ડિટેલ્સ માટે પ્રોટેક્શન છે તેથી જ્યારે કોર્ટમાં કેસ કરવામાં આવ્યો ત્યારે ઍપ કંપની દલીલ કરે છે કે આ ઍપ એક બાહરી સંસ્થા પાસે આઉટસોર્સ કરવામાં આવેલ છે અને તે બન્ને વચ્ચેના એગ્રીમેન્ટ મુજબ જો ગ્રાહકની અંગત વિગતો લિક થાય તો તે આઉટસોર્સ પાર્ટી જિમ્મેદાર છે, આમ ગ્રેગ ફૂટબોલની રમતમાં બેટ લગાવતા રિયલ લાઈફમાં કોર્ટમાં ફૂટબોલની જેમ એકથી બીજી કંપની ઉપર કેસ કરવામાં ફંગોળાયા કરે છે. આવા ઍપ્સમાં ઑનલાઈન શોપિંગ, ઑનલાઈન પેમેન્ટ, કાર હાયર વગેરેની લિંક આપવામાં આવે છે અને યુઝરને લાગે છે કે આ ઍપમાં બધી સેવાઓ એક જગ્યાએ જ મળે છે તેથી તેના માટે બીજા ઍપ લેવાની જરૂર નથી, પણ આના કારણે ક્યાંથી ઍપ યુઝરની અંગત વિગતો લિક થાય છે તે જાણવું બહુ કઠિન છે.

એ વાત પણ હકીકત છે કે ઑનલાઈન શોપિંગ, ઑનલાઈન બૅંકિંગ, ઑનલાઈન પેમેન્ટ વગેરેના કારણે લૉકડાઉનમાં લાઈફને આસાન કરેલી હતી. પ્રતિષ્ઠિત કંપનીઓ અને બૅંકો તેના ગ્રાહકોની અંગત વિગતો બહુ સંભાળીને રાખે છે અને કોઈની સાથે શેર નથી કરતા અને વારંવાર ગ્રાહકોને ઍલર્ટ મોકલાવતા હોય છે કે તેઓ ક્યારેય ગ્રાહકની પર્સનલ ડિટેલ્સ કે ઓટીપી માગતા નથી તેથી કોઈની સાથે શેર નહીં કરવાના.

જો કોઈને એમ લાગે કે ઑનલાઈન સર્વિસથી જીવન આસાન છે અને જો ઍપ ડાઉનલોડ કરતા હોય તો તેણે માત્ર જરૂર પૂરતી જ વિગતો ભરવી જોઈએ. હવે તો આધાર કાર્ડની ડિટેઈલ્સ ભરવાની નથી હોતી અને વારંવાર તેના પાસવર્ડ બદલવા જરૂરી છે. પાસવર્ડ બહુ વિચિત્ર હોવો જોઈએ જેની કોઈ કલ્પના જ ના કરી શકે અને અજાણ્યા ઈમેલ વાંચ્યા વગર જ ડિલીટ કરે, અજાણ્યા ફોનને જવાબ આપ્યા વગર રિજેક્ટ કરે આવા મોબાઈલ નંબરને બ્લૉક કરે અને કોઈ પણ એસએમએસ ખાસ કરીને લૉટરી લાગ્યા, ગિફ્ટ મળ્યા વગેરેને વાંચ્યા વગર ડિલીટ કરીને તેને પરમેનન્ટ બ્લૉક કરો. ક્યારેય એવા ભ્રમમાં ના રહો કે આપણે બહુ પ્રતિષ્ઠિત અને પ્રભાવશાળી વ્યક્તિ છીએ એટલે કોઈ આપણો સંપર્ક કરવા માગે છે તો લાઈફ આસાન રહેશે. ઘરની એક જ વ્યકિત ઑનલાઈન ફેસેલિટી લે, એક જ બૅંક એકાઉન્ટમાં ઑનલાઈન ફેસેલિટી લે. અને આ બૅંક એકાઉન્ટમાં મિનિમમ બેલેન્સ રાખશે તો લાઈફ આસાન રહેશે.

સોશિયલ મીડિયા સાઈટ્સ વગેરેમાં લોકેશન ચાલુ રાખીને ફોટાઓ ડાઉનલોડ કરીને આનંદ મેળવવામાં ક્યારેક મુશ્કેલીઓ થઈ શકે છે. કેટલીય સોશિયલ મીડિયા વેબસાઈટો ઉપર ડેટા લિકના કેસીસ ચાલે છે અને કબૂલ પણ કરેલ છે કે કરોડો સબસ્ક્રાઈબર્સના ડેટા તેની સાઈટ પરથી લિક થયા છે. "કીપ કુલ હેડ મેઈનટેન લો પ્રોફાઈલ, નેવર સે વ્હૉટ યુ આર ડુઈંગ બટ લેટ ધ વર્લ્ડ નૉ વહેટ યુઆર બાય યૉર ડીડ્સ આ મંત્ર હતો ચીની પ્રમુખ ડેંગ ઝિઓપિંગનો જેણે ચીનમાં રિફોર્મ શરૂ કરેલા અને તેના કારણે જ ચીન મહાસત્તા બની રહ્યું હતું, પણ તેનાથી ઊલટું ચીની પ્રમુખ ઝી જિનપિંગ કરી રહ્યા છે અને તેથી ચીન જગતમાં તેનો પ્રભાવ બહુ જલદી ગુમાવી રહેલ છે અને અમેરિકા, યુરોપ અને એશિયન દેશોમાં તેના સંબંધો પ્રભાવિત છે.

**દાહોદ આવૃત્તિ**
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
**પંચમહાલ સમાચાર**

## આદિવાસી સમાજ પર કરેલ ટીપ્પણીના વિરોધમાં
# નિતિન પટેલ અને ગણપત વસાવાનો ફોટો હોળીમાં દહન કર્યા

દાહોદ,
દાહોદમાં આદિવાસી પરિવાર દ્વારા નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ અને મંત્રી ગણપત વસાવાના ફોટા નું હોળીમાં દહન કરવામાં આવ્યું છે. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ દ્વારા આદિવાસી સમાજ અંગે ગૃહમાં કરેલ ટીપ્પણીને લઈને આદિવાસી સમાજમાં રોષ જોવા મળી રહ્યો છે. અને તેને પગલે આજ રોજ હોળીમાં બંને ના ફોટા નું દહન કરવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ગ્રુમાં ચર્ચા દરમિયાન નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે કહ્યું હતું કે, ક્રિકેટ સ્ટેડિયમમાં આદિવાસી સમાજ કયાં મેચ જુવે છે..? નીતિન પટેલના આ નિવેદન ઉપર વિધાનસભા ગૃહમાં આદિવાસી સમાજને થયેલ અન્યાય બાબતે સમાજના જ મંત્રી ગણપત વસાવાએ પણ મૌન ધારણ કર્યું હતું. અને કોઈ અવાજ નહિ ઉઠાવતા આદિવાસીઓ ગણપત વસાવા થી નારાજ થયા છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગૃહમાં કોરોનાના રાજ્યમાં વધી રહેલા કેસ માટે વિપક્ષ સતત સરકારને ઘેરી રહ્યો હતો. ત્યારે નિતિન પટેલે ઉલ્લેખ કરતા કહ્યુ કે, મહારાષ્ટ્રમાં ક્યા ક્રિકેટ મેચ રમાઈ હતી તેમ છતાં ત્યાં કેસ વધ્યા છે. મોદી સ્ટેડિયમમાં એકપણ આદિવાસી મેચ જોવા આવ્યો નહતો તેમ છતાં આદિવાસી વિસ્તારમાં કેસ વધ્યા.

નિતિન પટેલના આદિવાસીઓ માટેના આ નિવેદનથી કોંગ્રેસના શૈલેષ પરમારે સીધો જ વાંધો ઉઠાવ્યો હતો. આ પ્રકારના નિવેદનથી આદિવાસી સમાજની લાગણી દુભાઈ હોવાનો મત શૈલેષ પરમારે વ્યક્ત કરતા જ આદિવાસી સમાજના ધારાસભ્યોએ પણ તેમને ટેકો આપી ગૃહમાંથી વોકઆઉટ કર્યો હતો. બીજી બાજુ નિતિન પટેલે સતત વિપક્ષને જવાબ આપવાનું ચાલુ રાખ્યુ હતું.

રાજય સરકારના મંત્રી ગણપત વસાવાએ કલમ ૩૪૧, ૩૪૨, ૩૪૩ હિન્દુ મેરેજ એકટ બાબતે ગેર બંધારણીય કહી શકાય તેવી રજૂઆત કરતા આદિવાસી સમાજમાં રોષ છે. નાયબ મુખ્યમંત્રી નિતિન પટેલ તેમજ મંત્રી ગણપત વસાવાના ફોટાનું હોળી સાથે દહન કરી પોતાનો રોષ વ્યક્ત કર્યો છે.

## દાહોદ જીલ્લા અને નગરમાં હોળીનો તહેવાર કોરોના ગાઈડ લાઈન મુજબ શ્રદ્ધા પૂર્વક ઉજવાયો


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
કોરોના વૈશ્વિક મહામારીને કારણે ગત વર્ષે તમામ તહેવારો ફિક્કા પડ્યાં હતાં ત્યારે આ વખતે પણ તહેવારો ફિક્કા રહ્યાં હોવાની લોક ચર્ચાઓ વચ્ચે દાહોદ શહેર જિલ્લાવાસીઓએ આ વખતની હોળી, ધુળેટીના તહેવારની શ્રધ્ધાભેર અને સરકારના ગાઈડલાઈનના નિયમો અનુસાર સાવચેતી પુર્વક ઉજવણી કરી હતી. હોળીના દિવસે હોળીનું દહન કરી, પુજા અર્ચના કરી લોકોએ ધન્યતા અનુભવી હતી. ત્યારે બીજા દિવસે ધુળેટીના દિવસે લોકો બહાર ન નીકળી માત્ર પોતાના ઘરોમાં તેમજ સોસાયટી, મહોલ્લાજ ધુળેટીની પણ શાંતીપુર્ણ માહોલમાં ઉજવણી કરી હતી.

સામાન્ય રીતે દાહોદ સહિત જિલ્લામાં હોળી દહન અને ધુળેટીના તહેવાર આગવી ઢબથી ઉજવવામાં આવે છે પરંતુ હાલ કોરોનાના કારણે હોળી, ધુળેટીમાં નિસરતા જોવા મળી હતી જો કે, દાહોદમાં લોકોમાં જાગૃતતિ આવતાં ખરા સ્થળે ઈક્કો ફ્રેન્ડલી હોળીની સ્થાપના કરવામાં આવી હતી અને ઘણા ખરા વિસ્તારમાં પાકા કલરના સ્થાને અબીલ, ગુલાલથી ધુળેટી રમવામાં આવી હતી. જ્યારે ગ્રામ્ય વિસ્તારોમાં ઢોલ, નગારા, હોળી અનુરૂપ ગીતો સાથે હોળીની પરિક્રમાં કરી સૌ કોઈ ધન્યતા અનુભવતાં હતાં જ્યારે દાહોદ સહિત જિલ્લામાં ધુળેટીના પર્વે એકબીજાને અબીલ, ગુલાલથી રંગી શુભેચ્છા પાઠવવામાં આવતી હોય છે પરંતુ હાલ માત્ર ડાબરીયાઓ એક બીજા ઉપર કલર નાખી આનંદ માણતા હતાં જ્યારે મોટા ભાગના લોકો સોસાયચીના નાકે, પોતાના મહોલ્લાના નાકે, પોતાના મિત્ર મંડળ સાથે બેસી ટાઈમ પસાર કરતાં હતાં તેમજ દાહોદમાં દરેક સોસાયટી, મહોલ્લામાં હોળી, ધુળેટીએ સમુહ ભોજનનો કાર્યક્રમ પણ હોય છે જે આ તહેવારે કોઈએ આયોજન કર્યું ન હતું તેમજ હોળીની રાત્રીના હોળી પાસે ઢોલ નગારા સાથે હોળી ગીતો પણ સાંભળવા મળ્યાં ન હતાં. ધુળેટીએ ભરાતો ચુલો મેળો આ વખતે સરકારની ગાઈડ લાઈન અનુસાર ભરાયો હતો. ચુસ્ત પોલીસ બંદોબસ્ત વચ્ચે આ ચુલના મેળામાં લોકોએ પોતાની માનતાં પુરી કરી હતી.

## સંજેલી ખાતે હોલિકા દહનની આસ્થા હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી



સંજેલી,
સંજેલી ખાતે આજ રોજ હોલિકા દહનનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં સંજેલીના રાજવી પરિવાર કમાંખ્યાસિંહજી ચૌહાણ દ્વારા હોળી પ્રગટાવવામાં આવી હતી.

દર વર્ષે સંજેલીના રાજવી પરિવાર દ્વારા પૂજા અર્ચના કરી તે બાદ હોળી પ્રગટાવવામાં આવી હતી. સંજેલીમાં પરંપરાગત રીતે એક માત્ર હોળી ફળિયામાં સૌથી મોટી હોલીકા દહનની હર્ષોલ્લાસપૂર્વક ઉજવણી કરવામા આવી. જેમાં ગામના લોકોએ આસ્થા પૂર્વક હોળી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. હોળી પર્વના તહેવાર ટાળે ગામના લોકો દ્વારા કોરોનાની બીમારી જે ફેલાઈ રહી છે. તેનો ખાત્મો થાય લોકો રોગ મુક્ત બને તેવી પ્રાર્થના કરી હતી. સંજેલીમાં આસ્થા પૂર્વક હોળી પર્વની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. જેમાં માન્યતા પ્રમાણે મહિલાઓએ પૂજા અર્ચના કરી હતી ભારત દેશ કોરોના બીમારી રોગ મુક્ત બને તે માટે પ્રાર્થના કરવામાં આવી હતી.

સંજેલીના થાળા સહિત સમગ્ર તાલુકામાં હોલિકા દહન કરવામાં આવ્યું. જેમાં આદિવાસી સમાજ દ્વારા લોકનૃત્યો, સંગીત, રજૂ કરી પરંપરાગત રીતે હોળી પર્વની ઉમંગભેર ઉજવણી કરવામાં આવી હતી. આદિવાસી સમાજ દ્વારા ડીજેના તાલે જૂની પરંમપરાઓ જાણવી રાખી હતી.

સંજેલી તાલુકાના થાળા મુકામે ડીજેના તાલે હોળીકા દહન કરવામાં આવી હતી. સંજેલીમાં એક માત્ર હોળી પ્રગટાવવામાં આવે છે તે વિસ્તારને હોળી ચકલા ફળીયા તરીકે ઓળખવામાં આવે છે.

## ગરબાડા નવાફળીયા CHC મેડિકલ ઓફિસરના નિવાસસ્થાને ચોરીનો પ્રયાસ

દાહોદ
ગરબાડા નવાફળીયા ખાતે CHC માં મેડિકલ ઓફિસર તરીકે ફરજ બજાવતા ડો.આર.કે. મહેતાના ગરબાડા ખાતેના નિવાસસ્થાને ચોરીના પ્રયાસની ઘટના બની છે.

પ્રાપ્ત વિગત અનુસાર, ડો.આર.કે.મહેતા આજ તા.૨૯ માર્ચના રોજ સવારે આઠ વાગ્યે તેમનું ઘર બંધ કરીને નવાફળીયા CHC ઉપર નોકરી ઉપર ગયા હતા તે દરમ્યાન કોઈ અજાણ્યા ઈસમે તેમના ઘરમાં પાછળની બારી ખોલીને ઘરમાં પ્રવેશી ચોરી કરવાનો પ્રયાસ કર્યો હતો.

બપોરના સમયે ડો.આર.કે.મહેતા ઘરે પરત આવતા ત્યાં તેમને તેમના ઘરમાં સામાન વેરવિખેર હાલતમાં જોવા મળતા ડો.મહેતાને તેમના ઘરમાં ચોરીનો પ્રયાસ થયો હોવાનું જણાઈ આવતા ડો.આર.કે.મહેતાએ આ ચોરીના પ્રયાસની ઘટના સંદર્ભે તાત્કાલિક ગરબાડા પોલીસને જાણ કરી હોવાનું જાણવા મળ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ડો.આર.કે.મહેતાના ગરબાડા ખાતેના નિવાસસ્થાને અગાઉ પણ ચોરીની ઘટના બની ચુકી છે. જેમાં રૂમ.૧૨૫૦૦/– રોકડા અને ૧૦૦ ગ્રામ વજનના ચાંદીના પાયલની ચોરી થઈ હતી. ત્યારે આજે ફરી તેમના ઘરે ચોરીના પ્રયાસની ઘટના બની છે.

## દાહોદમાં શીતળા માતા, સુંધાઈ માતાનું મંદિર કોરોના મહામારીને લઈ બંધ રખાયું

દાહોદ,
દાહોદ શહેરમાં આવેલ શીતળા માતા મંદિર અને સુંધાઈ માતા મંદિરને હાલ કોરોના મહામારીને દયાનમાં લઈ પાંચ દિવસ માટે બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે.

દાહોદ જિલ્લામાં હાલ કુદકેને ભુસકે કોરોના સંક્રમણના કેસો વધી રહ્યાં છે અને ખાસ કરીને દાહોદ શહેર વિસ્તારમાં કોરોના સંક્રમણનું પ્રમાણ વધી રહ્યું છે. લોકો આ કોરોના સંક્રમણથી બચે અને સુરક્ષિત તેમજ ભીડ ભાડ ના થાય રહે તેવા આશય સાથે શહેરના સ્ટેશન રોડ, જળ વિહાર સોસાયટી ખાતે આવેલ શીતળા માતા મંદિર અને ગોધરા રોડ ખાતે આવેલ સુંધાઈ માતા મંદિરને તારીખ ૦૧.૦૪.૨૦૨૧ તારીખ ૦૫.૦૪.૨૦૨૧ સુધી સ્વૈચ્છીક બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો છે. હાલ તહેવાર ટાળે ખાસ કરીને મંદિરોમાં ભીડ ભાડ જોવા મળતી હોય છે. માટે ભીડ ભાડના કારણે કોરોના સંક્રમણ વધુ ન ફેલાય તે માટે લોકોના હિતમાં દયાનમાં રાખી આ મંદિરો બંધ રાખવાનો નિર્ણય કરવામાં આવ્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

## દાહોદ જીલ્લામાં હોળી-ધુળેટીના દિવસોમાં ૩૫ કોરોના કેસ નોંધાયા

દાહોદ,
દાહોદ જિલ્લામાં છેલ્લા બે દિવસમાં એટલે કે, હોળી અને ધુળેટીના દિવસોમાં ૩૫ જેટલા કોરોના સંક્રમણના કેસો સામે આવ્યાં છે. આજે ૧૭ કેસો નોંધાયા છે. જ્યારે ગઈકાલે ૧૮ કેસો સામે આવ્યાં હતાં. આમ, દાહોદ જિલ્લામાં કોરોનાએ કુલ આંકડો ૩૧૩૨ને પાર વટાવી ચુંક્યો છે. આજે આર.ટી.પી.સી.આર. ના ૧૬૬ પૈકી ૦૮ અને રેપીટના ૧૩૦૮ પૈકી ૦૯ મળી ૧૭ કોરોના પોઝીટીવ કેસો નોંધાયાં છે. આ ૧૭ પૈકી દાહોદ અર્બનમાંથી ૦૪, ઝાલોદ ગ્રામ્યમાંથી ૦૧, દેવગઢ બારીઆ ગ્રામ્યમાંથી ૦૧, લીમખેડામાંથી ૦૩, સીંગવડમાંથી ૦૧, ગરબાડામાંથી ૦૧ અને ફતેપુરામાંથી ૦૬ કેસો સામે આવ્યાં છે. જ્યારે ગઈકાલે ૧૮ કોરોના કેસો સામે આવ્યાં હતા. જેમાંથી દાહોદ અર્બનમાંથી ૦૫, દાહોદ ગ્રામ્યમાંથી ૦૧, ઝાલોદ અર્બનમાંથી ૦૧, દેવગઢ બારીઆ અર્બનમાંથી ૦૩, ગરબાડામાંથી ૦૧, ફતેપુરામાંથી ૦૪ અને સંજેલીમાંથી ૦૩ નોંધાયાં હતાં. છેલ્લા બે દિવસની અંદર ૧૨ જેટલા દર્દીઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. વધતાં કેસોની સાથે સાથે એક્ટીવ કેસોની સંખ્યામાં પણ વધારો જોવા મળી રહ્યો છે. એક્ટીવ કેસો સંખ્યા વધીને ૧૬૯ ઉપર પહોંચી ગઈ છે. દાહોદ જિલ્લામાં શહેરી વિસ્તાર સાથે સાથે મંથર ગતિએ ગ્રામીણ વિસ્તારોમાં પણ કોરોના સંક્રમણ ફેલાઈ રહ્યું છે. ત્યારે આ બાબતે આરોગ્ય તંત્ર તેમજ જિલ્લા વહીવટી તંત્ર દ્વારા પણ અગમચેતીના ભાગરૂપે ગ્રામીણ વિસ્તારોમાં પણ ધનવંતરી રથ, સેનેટરાઈઝરની કામગીરીનો પણ આરંભ કરી દેવામાં આવ્યો છે.

## દે.બારીઅ પ્રમુખે ગાયત્રી યજ્ઞ કરી પદભાર સંભાળ્યો


તસ્વીર : મો.હુસૈન મકરાણી, દે.બારીઆ

દે.બારીઆ,
દેવગઢ બારીયા નગરપાલિકા પ્રમુખ ડો ચાર્મી નીલ સોની દ્વારા આજરોજ પ્રમુખ તથા ગાયત્રી પરિવારના પરિવારજનો દ્વારા લોક કલ્યાણ અને પ્રજાના સ્વાસ્થ્ય માટે ગાયત્રી યજ્ઞ કરી પોતાનું પદ ગ્રહણ કર્યું હતું.

આજ રોજ ૯:૦૦ દેવગઢ બારીયા નગરપાલિકા કચેરી ખાતે ગાયત્રી પરિવાર દ્વારા શાસ્ત્રોક્ત વિધિ અનુસાર કોરોના કાળમાં લોકોના સ્વાસ્થ્ય માટે વાતાવરણ શુદ્ધ બને તે હેતુથી ડો ચાર્મી સોની તથા નગરપાલિકા ના સદસ્યો દ્વારા ગાયત્રી યજ્ઞ કરવામાં આવ્યો હતો. આ ગાયત્રી યજ્ઞ ગાયત્રી પરિવારના પ્રખર પ્રવીણભાઈ ચૌહાણ વાઘજીપુર વાળા દ્વારા વિધિવત કરવામાં આવ્યો હતો. જેમાં કોરોના કાળમાં લોકોના સ્વાસ્થય માટેની આહુતિઓ આપવામાં આવી હતી. ત્યારબાદ નગરપાલિકાના પ્રમુખ પદની કરવામાં આવ્યું હતું. જેમાં નગરપાલિકાના ઉપપ્રમુખ ગૌરાંગ ભાઈ પંડ્યા, સદસ્ય અક્ષયભાઈ જૈન, સજનબા ગોહિલ, મહેશભાઈ બલવાણી, શહીદભાઈ શેખ, હનીફભાઈ પીપલોદીયા, રૂકયાબેન શેખ, રૂક્યાબેન કડવા, ગજેન્દ્રભાઈ પરમાર, નિશાર મકરાણી વગેરે તથા દેવગઢબારિયા નગરના અગ્રણી સિકંદર ભાઈ રામ વાળા મુન્નાભાઈ કલાલ સુરેશભાઈ પીપલોદિયા તથા યુવા બહેનો વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પદ ગ્રહણની સાથે જ દેવગઢ બારીયા નગરપાલિકા પ્રમુખ બજેટની મીટીંગ આજે રોજ મીટીંગ બોલાવી છે. નગર પાલિકા પ્રમુખે જણાવ્યું કે, કોરોના કાળ દરમ્યાન સૌ સાથે મળી કોરોના સામે લડવા તૈયાર થઈએ સોશિયલ ડિસ્ટન્સ રાખીએ અને નગરની ઉત્તરોત્તર પ્રગતિ થાય તેવા તમામ કાર્યો અમારા દ્વારા હાથ ધરવામાં આવશે દેવગઢ બારીયા નગરપાલિકા પ્રમુખ તરીકે આજે વિધિવત ચાર્જ ડો. ચાર્મી નીલ સોની એ લીધો.

## દાહોદના યુવકો ધુળેટીના દિવસે કુવામાં ન્હાવા પડતા યુવકનું ડુબી જતાં મોત


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,
દાહોદ શહેરમાં ગતરોજ ધુળેટીના તહેવારે એક પરિવારમાં માતમ છવાઈ ગયો હતો. શહેરમાં કેટલાક યુવકો કુવામાં ન્હાવા પડતાં જે પૈકી એક ૧૬ વર્ષીય આશાસ્પદ યુવક કુવાના ઉંડા પાણીમાં ગરકાવ થઈ જતાં મોતને ભેટતાં ચકચાર મચી જવા પામી હતી. સ્થાનીક તરવૈયાઓ અને ફાયર ફાયટરની ટીમે કલાકોની ભારે જહેમત બાદ મૃતક યુવકના મૃતદેહને કુવામાંથી બહાર કાઢતાંની સાથે પરિવારમાં આક્રંદ છવાઈ ગયો હતો. ઘટનાને પગલે પોલીસે તલસ્પર્શી તપાસ હાથ ધરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ગતરોજ ધુળેટીનો તહેવાર હતો. દાહોદ શહેરવાસીઓ એક તરફ પરિવાર સાથે ધુળેટીની રગ, ગુલાલ સાથે ધામધુમ પુર્વક ઉજવણી કરી રહી હતી ત્યારે શહેરના ગારખાયા વિસ્તારમાં રહેતો ૧૬ વર્ષીય ધીરજભાઈ રાજુભાઈ ચાવડા નામક યુવક પોતાના સહ મિત્રો સાથે શહેરાન ઈન્દૌર–અમદાવાદ નેશનલ હાઈવે પાસે આવેલ ગુડલક – ૦૨ માર્કેટ ખાતે આવેલ એક કુવામાં ન્હાવા માટે ગયાં હતાં. અન્ય મિત્ર યુવકો સાથે આ ધીરજભાઈ પણ કુવામાં ન્હાવા માટે ઝંપલાવ્યું હતું. ધુળેટીના ઉન્માદ અને મસ્તીમાં જોતજોતામાં આ ધીરજભાઈ કુવાના ઉંડા પાણીમાં કયાં સમયે ગરકાવ થઈ ગયો તેની પણ સાથી મિત્રોની ખબર ના પડી અને બાદમાં જ્યારે કુવામાંથી બહાર નીકળતાં વેળાએ ધીરજભાઈ ના જોવાતાં સાથી મિત્રોએ શોધખોળ કર્યાં છતાં પણ ધીરજનો કોઈ પત્તો ન મળતાં ગભરાઈને સાથી મિત્રો રવાના થઈ ગયાં હતાં. ક્યાંકને ક્યાંક આ અઘટીત ઘટનાની જાણ ધીરજભાઈના પરિવારજનોને થતાં પરિવારજનો સહિત આસપાસના લોકો આ કુવા તરફ આવી પહોંચ્યાં હતાં અને આ અંગેની જાણ પોલીસ સહિત ફાયર ફાઈટરને કરાતાં આ કર્મચારીઓ પણ તાબડતોડ ઘટના સ્થળે દોડી આવ્યાં હતાં. સ્થાનીક તરવૈયાઓ અને ફાયર ફાઈટરના જવાનો કુવામાં ધીરજની શોધખોળમાં ઝંપલાવ્યું હતું.

## વેક્સિન એ કોરોનાનો રામબાણ ઉપાય છે : કલાભાઈ ભૂરિયા



દાહોદ,
દાહોદ જિલ્લામાં કોરોના વેક્સિનેશનની ઝુંબેશમાં ખૂબ સરસ લોકસહયોગ મળી રહ્યો છે. ત્યારે દાહોદના એક ગામનાં સરપંચ જેમણે વેક્સિન લીધી છે. તેઓ પોતાનો અનુભવ જણાવે છે. વેક્સિન અંગેની તેમની કેફિયત જાણીએ. બોરવાણી ગામના સરપંચ કલાભાઈ નરસિંહભાઈ ભૂરિયાએ કોરોના વેક્સિનના બંને ડોઝ લીધા છે. તેઓ જણાવે છે કે, કોરોના વેક્સિનના બંને ડોઝ મેં લીધા છે અને આ વેક્સિનના અનુભવને આધારે કહું છું કે આ વેક્સિનની કોઈ આડઅસર નથી. સૌ લોકો જેમનો વારો આવતો હોય તેમણે સત્વરે વેક્સિન લઇ લેવી. સરકાર દ્વારા વેક્સિનેશનની ખૂબ સારી કામગીરી થઇ રહી છે. તેમાં સૌ ગ્રામજનોએ સહયોગ કરવો જોઇએ. સરપંચ કલાભાઇની જેવી જ વાત લાખો વેક્સિન લેનારા લોકો પણ જણાવે છે. અત્યારે બીજા તબક્કાનું વેક્સિન ચાલી રહ્યું છે. ત્યારે ઘરના દાદા–દાદી કે વડીલો જેમની ઉંમર ૬૦ કે તેથી વધુ હોય તેમને વેક્સિનના બંને ડોઝ નિયત સમયમાં ચોક્કસ અપાવો. ઉપરાંત જેમની ઉંમર ૪૫ કે તેથી વધુ છે અને ગંભીર રોગો ધરાવે છે. તેઓ પણ આ બીજા તબક્કાના વેક્સિનેશનમાં રસી લઇ શકે છે. કોરોના સામું વેક્સિન જ એક રામબાણ ઉપાય હોય સૌ એ પોતાનો વારો આવ્યેથી રસી લઇ અચૂક લઇ લેવી.

## દાહોદ જીલ્લામાં હોળી-ધુળેટીના તહેવારમાં મારા-મારીના બનાવોમાં ચારને ઈજાઓ

દાહોદ,
દાહોદ જિલ્લામાં હોળી, ધુળેટીનો તહેવાર લોહીયાળ સાબીત થયો હતો. દાહોદ જિલ્લામાં હોળીના દિવસોમાં મારમારીના બનેલા ચાર બનાવોમાં ચાર થી પાંચ જણાને ગંભીર ઈજાઓ પહોંચતાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યાં છે. હોળીના તહેવાર ટાળે આ ચાર સ્થળોએ ધિંગાણું સર્જાતાં પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

હોળીના તહેવારોમાં મારામારીનો પ્રથમ બનાવ ધાનપુર તાલુકાના મોટીમલુ ગામે બનવા પામ્યો હતો જેમાં ગત ૨૭મીના રોજ ધાનપુર તાલુકામાં રહેતી એક ૨૨ વર્ષીય પરણિતા પોતાના પીયર મોટીમલુ ગામે હોળીનો તહેવાર ઉજવવા આવી હતી. રાત્રીના બારેક વાગ્યાની આસપાસ ગામમાં હોળી પ્રગટાવવામાં આવી હતી અને પરણિતા પોતાના ભાઈ – બહેન સાથે હોળીના દર્શન કરવા ગઈ હતી. આ દરમ્યાન ધાનપુર તાલુકાના મંડોર ગામે રહેતા રીપુલભાઈ હિંમતભાઈ ભાભોર ત્યાં આવી પરણિતાનો હાથ પકડી છેડછાડ કરી હતી. આ દરમ્યાન પરણિતાનો ભાઈ દશુ આવી જતાં આ રીપુલને ઠપકો આપ્યો હતો. આ સાંભળી રિપુલ પોતાના સાથી મિત્રો ઈશ્વરભાઈ પ્રતાપભાઈ હઠીલા, મહેશભાઈ પ્રતાપભાઈ હઠીલાને લઈ આવ્યો હતો અને પરણિતાના ભાઈ દશુ સાથે ઝઘડો તકરાર કરી એકદમ ઉશ્કેરાઈ જઈ દશુભાઈને ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકીઓ આપી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે પરણિતાએ ધાનપુર પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

મારામારીનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના મુવાડા ગામે બનવા પામ્યો હતો. જેમાં ધુળેટીના દિવસે ગામમાંજ રહેતાં અરવિંદભાઈ માલાભાઈ વસૈયા, અશ્વિનભાઈ જાલાભાઈ વસૈયા, મનસુખભાઈ નાથાભાઈ વસૈયા, અનિલભાઈ જાલાભાઈ વસૈયા ગામમાં રહેતા મગનભાઈ નાનજીભાઈ વસૈયાના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, આને જમીન જોઈએ છે, આને આજે છોડવાનો નથી, તેમ કહી મગનભાઈને પકડી લઈ લાકડી વડે, કુહાડીની મુંદર વડે તેમજ ગડદાપાટ્ટુનો માર મારી શરીરે, હાથે પગે ઈજાઓ પહોંચાડી મારી નાંખવાની ધમકી આપતાં આ સંબંધે ઈજાગ્રસ્ત મગનભાઈ નાનજીભાઈ વસૈયાએ ઉપરોક્ત ચારેય ઈસમો વિરૂધ્ધ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ત્રીજો બનાવ ઝાલોદ તાલુકાના કચલધરા ગામે બનવા પામ્યો હતો. જેમાં હોળીના દિવસે ઝાલોદ તાલુકાના મુંડાહેડા ગામે રહેતાં કાળુભાઈ નાનજીભાઈ ડામોક, શિવરાજભાઈ કાળુભાઈ ડામોર અને મકનભાઈ નારસીંગભાઈ મુનીયાનાઓ કચલધરા ગામે રહેતા અરવિંદભાઈ મલાભાઈ ડામોરના ઘરે આવ્યાં હતાં અને બેફામ ગાળો બોલી કહેવા લાગેલ કે, તારૂં ઘર અહીંથી ઉઠાવી લે, નહીંતર તને જીવતો છોડીશું નહીં, તેમ કહેતા અરવિંદભાઈ જણાવેલ કે, આજે હોળીનો તહેવાર છે, તમે તમારા ઘરમાં જઈને સુઈ જાઓ, તેમ કહેતાંજ ઉપરોક્ત ત્રણેય જણા એકદમ ઉશ્કેરાઈ જઈ લાકડી વડે તથા ગડદાપાટ્ટુનો માર મારી અરવિંદભાઈને શરીરે, હાથે પગે તેમજ માથાના ભાગે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે ઈજાગ્રસ્ત અરવિંદભાઈ મલાભાઈ ડામોરે ચાકલીયા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

ચોથો બનાવ ઝાલોદ તાલુકાના આંબા ગામે બનવા પામ્યો હતો જેમાં આંબા ગામે રહેતા અલ્કેશભાઈ દિનેશભાઈ હઠીલા તથા તેમના પરિવારજનો હોળીના તહેવારે ગામમાં ઢોલ વગાડી નાચતાં હતાં. આ દરમ્યાન ગામમાંજ રહેતા તુકારામભાઈ કશવાભાઈ હઠીલા, સુરેશભાઈ ઉર્ફે ઈક્કુ ભાઈ ભુરજીભાઈ હઠીલા, પિન્ટુ ભાઈ ગોરસીંગભાઈ હઠીલાનાઓ ત્યાં આવી કહેવા લાગેલ કે, તમે કોને પુછીને હોળી સળગાવી, કેમ અમોને પુછયાં વગર હોળી સળગાવી છે, તેમ કહી કમલેશભાઈ સાથે ઝપાઝપી કરી ગડદાપાટ્ટુનો માર મારી શરીરે ઈજાઓ પહોંચાડી ભારે ધિંગાણું મચાવતાં આ સંબંધે અલ્કેશભાઈ દિનેશભાઈ હઠીલાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 183

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા


પંચમહાલ સમાચાર

## મોરવા(હ) વિધાનસભા પેટા ચુંટણી માટે ફોર્મ ભરવાની અંતિમ દિવસે

# ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારે સમર્થકો સાથે ઉમેદવારી ફોર્મ જમા કરાવ્યા

ગોધરા,
મોરવા(હ) વિધાનસભાની પેટા ચુંટણી માટે ૧૭ એપ્રિલના રોજ મતદાન યોજાનાર છે. જેના માટે રાજકીય પાર્ટી ભાજપ અને કોંગ્રેસ દ્વારા પોતાના ઉમેદવારોની જાહેરાત કરવામાં આવી હતી. સાથે આજરોજ ભાજપ અને કોંગ્રેસના ઉમેદવાર દ્વારા મોરવા(હ) મામલતદાર કચેરી ખાતે પોતાના સમર્થકો સાથે ઉમેદવારી પત્ર જમા કરાવ્યા છે.





- ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો એ મોરવા(હ) મામલતદાર કચેરી ખાતે ફોર્મ ભર્યા.
- એકવાર ફરી પેટા ચુંટણીમાં ભાજપ તરફથી નિમિષાબેન સુથારને એક તક.
- ગણપતસિંહ વસાવાએ ડાંગમાં યોજાયેલી વિધાનસભા પેટા ચૂંટણી કરતાં વધુ ૭૫ હજાર મતથી વિજેતા થશે એવો આશા વ્યકત કરી.
- ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા યુવા નેતા સુરેશભાઈ કટારાના નામ જાહેર ક્રાતા આદિવાસી સમાજમાં ખુશીની લ્હેર.
- મોરવા(હ) પેટા ચુંટણી ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધી ટકકર.

હોળી તહેવારમાં ફાઈનલ ઉમેદવારના નામની જાહેરાત કરવાના ભાગરૂપે હોળીના દિવસે મોરવા(હ)તાલુકાના સાગાવાડા ગ્રામપંચાયતમાં સરપંચ તરીકે ફરજ બજાવતા અને યુવા કોંગ્રેસ નેતા સુરેશભાઈ કટારાના નામ ગુજરાત પ્રદેશ કોંગ્રેસ દ્વારા જાહેર કરવામાં આવ્યુ હતું. દિલ્હી રાષ્ટ્રીય સમિતિના અધ્યક્ષ સોનીયા ગાંધીના હસ્તાક્ષર સાથે મોરવા(હ) પેટા ચુંટણીના ઉમેદવાર તરીકે સુરેશભાઈ કટારાનું નામ જાહેર થવાની સાથે આદિવાસી સમાજમાં ખુશીની લહેર દોડી ગઈ હતી. આદિવાસી સમાજના પ્રતિનિધિ તરીકે યુવા ચહેરાને તક આપવામાં આવી હતી. જેના પગલે કોંગ્રેસ દ્વારા સત્તાવાર આદિવાસી ઉમેદવાર તરીકે સુરેશભાઈ કટારાના નામની ધોષણા કરવામાં આવતા આદિવાસી સમાજમાં હર્ષની લાગણી વ્યાપી ગઈ હતી.

મોરવા(હ) વિધાનસભાની ૨૦૧૩ની પેટા ચુંટણીમાં નિમિષાબેન સુથારનું મેન્ડેટ જાહેર કરીને ચુંટણી લડાવી હતી અને જીત પણ હાંસલ કરી હતી. ત્યારે આ વખતે ફરી એકવાર પેટા ચુંટણીમાં ભાજપ તરફથી મહિલા કેન્ડીડેટ એવા નિમિષાબેન સુથારને બીજીવાર ચુંટણી લડાવી જીતનો વિશ્વાસ મૂકી ભાજપ દ્વારા કેબિનેટ મંત્રી ગણપત વસાવા, રાજયમંત્રી બચુભાઈ ખાબડ અને જયદ્રથસિંહ પરમાર સહિતની સમર્થકો સાથે નિમિષા સુથારે મામલતદાર કચેરી પહોંચી પોતાનું ઉમેદવારી પત્ર જમા કરાવ્યું હતું. દરમિયાન ગણપતસિંહ વસાવાએ ભાજપના ઉમેદવાર થોડા સમય અગાઉ ડાંગમાં યોજાયેલી વિધાનસભા પેટા ચૂંટણી કરતાં વધુ એટલે ૭૫ હજાર મતની લીડથી વિજેતા થશે એવો આશાવાદ વ્યક્ત કર્યો હતો.

કોંગ્રેસના ઉમેદવાર સુરેશ કટારાએ પણ માજી સાંસદ પ્રભાબેન તાવીયાડ,માજી રેલ મંત્રી નારણ રાઠવા સહિતની ઉપસ્થિતિમાં વાહનનો કાફલો લઈ મામલતદાર કચેરી પહોંચી ઉમેદવારી પત્ર જમા કરાવ્યું હતું. જેઓએ પણ પોતાની જીતનો આશાવાદ વ્યકત કરતા જણાવ્યું હતું કે, આ વખતની પેટા ચુંટણીમાં આ વિસ્તારના મતદારો અમારી સાથે છે. આ વિસ્તારના મતદારો સારી રીતે ભાજપને જાણી ચુક્યા છે. ભાજપ દ્વારા સત્તા મેળવવા માટે પ્રજાના વિકાસના કામો તાલુકાના વિકાસના કામોને બાજુમાં મુકીને માત્ર રાજકીય આંટીગુટીઓ રચીને આ વિધાનસભા બેઠકને નોંધારી રાખી કોઈ જ વિકાસ કર્યો કર્યા નથી.

જ્યારે બે અપક્ષ ઉમેદવારો મળી કુલ ૬ ઉમેદવારી ફોર્મ ભરાયા છે.

મોરવા(હ) વિધાનસભા બેઠક ઉપર ચુંટાયેલા ધારાસભ્ય ભુપેન્દ્ર ખાંટના સર્ટીફિકેટ મામલે કાનૂની વિવાદ સર્જાયો હતો અને કેસ કોર્ટમાં પડતર હતો. દરમ્યાન ભુપેન્દ્ર ખાંટનું અવસાન થતાં બેઠક ખાલી પડી હતી. રાજ્ય ચુંટણી પંચ દ્વારા મોરવા(હ) બેઠક માટેની પેટા ચુંટણી માટેનું જાહેરનામું પ્રસિદ્ધ થતાં રાજકીય પક્ષ ભાજપ અને કોંગ્રેસ દ્વારા ઉમેદવારોની પસંદગી માટેની કવાયત હાથ ધરવામાં આવી હતી. કોંગ્રેસ પાર્ટી દ્વારા સુરેશભાઈ કટારાને ઉમેદવાર જાહેર કરવામાં આવ્યા હતા. આજરોજ મોરવા(હ) પેટા ચુંટણી માટે ફોર્મ ભરવાના ૩૦ એપ્રિલના રોજ અંતિમ દિવસ હતા. કોંગ્રેસના ઉમેદવાર સુરેશભાઈ કટારા પેટા ચુંટણી માટે સમર્થકો સાથે મોરવા(હ) મામલતદાર કચેરી ખાતે ચુંટણી અધિકારીને પોતાનું ઉમેદવારી ફોર્મ જમા કરાવ્યું હતું. કોંગ્રેસના ઉમેદવારે વિજય મુર્હુતમાં કોંગ્રેસના માજી સાંસદ ડાૅ. પ્રભાબેન તાવિયાડ અને માજી રેલમંત્રી નારણ રાઠવા સહિતના પદાધિકારીઓ સાથે ઉમેદવારી ફોર્મ જમા કરાવીને જીતનો વિશ્વાસ વ્યકત કર્યો હતો.

મોરવા(હ) વિધાનસભા પેટા ચુંટણી માટે ભાજપના ઉમેદવાર નિમિષાબેન સુથારે વિજય મુર્હુતમાં મામલતદાર કચેરી ખાતે ભાજપ સર્મથકો સાથે પોતાનું ઉમેદવારી ફોર્મ જમા કરવામાં આવ્યું હતું. ભાજપના નિમિષાબેન સુથાર દ્વારા ફોર્મ જમા કરવામાં આવ્યું હતું. ત્યારે રાજયમંત્રી બચુભાઈ ખાબડ, ગણપત વસાવા, જયદ્રથસિંહ પરમાર, ભાજપ મહામંત્રી ભાર્ગવ ભટ્ટ, પંચમહાલ પ્રભારી પરાક્રમસિંહ જાડેજા તેમજ જીલ્લા બીજેપી પ્રમુખ હાજર રહ્યા હતા. ફોર્મ ભરીને નિમિષાબેન સુથાર દ્વારા જીતનો વિશ્વાસ વ્યકત કરવામાં આવ્યો છે. મોરવા(હ) પેટા ચુંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરતાની સાથે ભાજપ અને કોંગ્રેસના ઉમેદવારો વચ્ચે સીધી ટકકર જોવા મળશે.

### મોરવા(હ) વિધાનસભા પેટા ચુંટણી માટે કોરોનાકાળને લઈ મતદાન મથકો વધારવામાં આવશે

મોરવા(હ) વિધાનસભા મત વિસ્તારમાં ૨,૧૮,૭૯૩ મતદારો નોંધાયેલ છે. જેમાં ૧,૧૧,૦૮૨ પુરૂષ, ૧,૦૭,૭૧૧ સ્ત્રી મતદારો છે. જેમાં ૩૬૫૬ મતદારો ૮૦ વર્ષથી વધુ વય ધરાવે છે. ૮૩૫ મતદારો દિવ્યાંગ અને સેવા મતદારો ધરાવે છે. હાલ કોરોના મહામારીને ધ્યાનમાં રાખીને કોવિડ-૧૯ની ગાઈડ લાઈન મુજબ અગાઉ મતદાન મથક ઉપર ૧૫૦૦ સંખ્યાને બદલે ૧૦૦૦ની કરવમાં આવી છે અને મતદાન મથકોની સંખ્યા વધારવામાં આવી છે. મોરવા(હ) વિધાનસભામાં ૧૬૯ મતદાન મથક સ્થળો એ કુલ ૨૫૪ મતદાનની સંખ્યા વધારવામાં આવશે. કોરોના ગાઈડ લાઈન મુજબ મતદાન મથક દીઠ ૧ હજાર મતદારોની સંખ્યાને ધ્યાનમાં રાખીને મતદાન મથકો ઉભા કરવામાં આવશે. મોરવા(હ) વિધાનસભા પેટા ચુંટણી માટે ઉમેદવારી ફોર્મ ભરવાના અંતિમ દિવસે ભાજપ, કોંગ્રેસના ઉમેદવારો, ડમી ઉમેદવાર તેમજ બે અપક્ષ ઉમેદવારો પોતાના ઉમેદવારી ફોર્મ જમા કરાવ્યા છે. ૩૧ માર્ચના રોજ ઉમેદવારી ફોર્મની ચકાસણી કરાશે. જ્યારે ૨ એપ્રિલના રોજ ઉમેદવારી ફોર્મ પરત ખેંચતા મોરવા(હ) બેઠક માટે સ્થિતી સ્પષ્ટ થશે.

# પંચમહાલ જીલ્લામાં આજરોજ ૨૭ કોરોના પોઝીટીવ કેસ નોંધાયા

ગોધરા,
પંચમહાલ જીલ્લા સહિત ગોધરા શહેરમાં કોરોના કેસની સંખ્યા રોકેટ ગતિથી આગળ વધી રહી છે. તે આરોગ્ય વિભાગ એન વહીવટી તંત્ર માટે ચિંતા વધારી છે. જીલ્લામાં આજરોજ ૨૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે.

પંચમહાલ જીલ્લામાં દિનપ્રતિદિન કોરોના સંક્રમણના કેસમા વધારો થઈ રહ્યો છે. કોરોના નવા સ્ટેન્ડનો ભરડો વધ્યો છે. સાથે મૃત્યુ આંક પણ ચિંતા ઉપજાવે તેમ છે. વધતા જતાં કોરોના સંક્રમણને ઘટાડવા માટે આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દ્વારા લોકોને માસ્ક પહેરવા માટે અપીલ કરી છે. સાથે કોરોના વેકસીન માટેની કામગીરી તેજ બનાવી છે. પંચમહાલ જીલ્લામાં બીજા તબકકામાં કોરોનું સંક્રમણ રોકેટ ગતિથી વધી રહ્યું છે. તેમાં પણ ગોધરા શહેરમાં કોરોના સંક્રમણના કેસમાં વધારો જોવા મળી રહ્યો છે. આજરોજ પંચમહાલ જીલ્લામાં ૨૭ પોઝીટીવ કેસ નોંધાવા પામ્યા છે. તેમાં ગોધરા શહેર ૨૦ જેટલા કેસ નોંધાયા છે. તે ચિંતા વધારી રહી છે. જીલ્લામાં છેલ્લા દિવસોમાં કોરોના કેસ જે રીતે વધ્યો છે. જેને લઈ સક્રિય કેસની સંખ્યા ૨૨૦ થવા પામી છે. જ્યારે આજરોજ ૩૨ દર્દીઓને રજા આપવામાં આવી છે. જીલ્લા સહિત ગોધરામાં વધતા જતાં કોરોના સંક્રમણને ધ્યાનમાં રાખી લોકો પોતાની જાતે જાગૃતા કેળવે તે જરૂરી છે. કામ વગર બહાર ન નિકળવું તેમજ માસ્ક અવશ્ય પહેરીને પોતાના તેમજ પરિવારને કોરોના સંક્રમણ થી બચાવા પ્રયત્ન કરે તે જરૂરી છે.

**પંચમહાલ જીલ્લામાં નોંધાયેલ કેસ**

ગોધરા - ૨૦
ગોધરા ગ્રામ્ય - ૦૧
હાલોલ - ૦૩
કાલોલ - ૦૨
મોરવા(હ)-૦૧

સક્રિય કેસ - ૨૨૦,
રજા - ૩૨

**ગોધરા શહેર અને તાલુકાના કન્ટેઈનમેન્ટ વિસ્તાર (કલસ્ટર વિસ્તાર)માં સંક્રમિતોની સંખ્યા**

વૃંદાવન નગર-૩૧, ઝુલેલાલ સોસાયટી-૧૫, મધુવન સોસાયટી(ચંદનબાગ)-૦૬, દડી કોલોની-૧૩, નાલંદા સોસાયટી-૧૦, સબજેલ વિસ્તાર-૦૬, તીર્થવીલા સોસાયટી-૦૫, બામરોલી રોડ વિસ્તાર-૧૯, મારૂતીનગર સોસાયટી-૧૫, શ્રધ્ધારાજ ટેનામેન્ટ, ઉત્સવ બંગલો-૧૬, સર્વોદય સોસાયટી-૦૬, વ્હોરવાડ-૦૪, રામકૃષ્ણ સોસાયટી-૧૫, રમણપાર્ક-૦૮, સાંઈબાબા નગર-૧૫, સાંપારોડ વિસ્તાર-૧૧, દિપાલી સોસાયટી(હીલપાર્ક)-૧૫, સૂર્યવિલા-૦૮, આશીષનગર-૦૩, સંસ્કાર નગરી-૦૭, દયાલનગર-૧૫, વાંસીયા ગામ-૧૨, ઈન્દ્રપ્રસ્થ સોસાયટી-૦૯, ભગવતનગર-૧૩, શેઠવાડા ટેનામેન્ટ-૧૧, ગાયત્રી નગર-૧૨, શાંતિકુંજ સોસાયટી-૦૭, વિનાયક નગર-૦૯, જૈન સમ્રાટ નગર-૦૮, જાફરાબાદ વિસ્તાર-૧૮, સરદા પટેલ નગર-૦૮, રેલ્વે કોલોની-૦૯, વસંત વિહાર-૦૬, મહાવીર જૈન સોસાયટી-૦૩, ભુરાવાવ ચોકડી-૦૮, પ્રભાકુંજ સોસાયટી-૦૭, રાધાકૃષ્ણ નગર-૦૯, કડીઆવાડ-૦૩, વાવડી ગામ-૦૯, સંસ્કાર નગરી-૦૮, ભામૈયા ગામ-૦૮, રોયર રેસીડન્સી-૦૯, રાણા સોસાયટી-૦૮, મહાવીર નગર-૦૭, હૈદરી સોસાયટી-૦૮, ઉત્સવ પાર્ક (વાવડી બુઝર્ગ)-૦૮, સુદર્શન સોસાયટી-૦૮, કનેલાવ રોડ-૦૬, સુભાષ પાર્ક-૦૭.

# ઉનાળાની શરૂઆતમાં જ નદીસર ગામે પાણીનો કકળાટ

નદીસર,
ગોધરા તાલુકાના નદીસર ગામના પગીવગા, વણકર વાસ,રામજી મંદિર સહિત ના ફળિયા ઓમા છેલ્લા દશ દિવસ થી પાણી પુરવઠો ઓછા પ્રેશરના કારણે ન મળતા પાણી વગર નાગરિકોને ભારે હાલાકી વેઠવી પડે છે. પશુપાલન અને ખેતી સાથે સંકળાયેલા પરિવારોને દશ દશ દિવસ થી પાણી પુરવઠો ન મળતા નાગરિકો સાથે પશુઓની હાલત પણ દયનીય બની છે આટલું મોટું ગામ અને ત્રણ ત્રણ યોજના ઓ હોવા છતાં નાગરિકો ને પાણી વિના વલખાં મારવાં પડે છે. આ અંગે જાણવા મળ્યા મુજબ ગ્રામ પંચાયતના હાઈસ્કુલ પાસે આવેલા કૂવા પર છેલ્લા ૧૦-૧૫ દિવસ થી મોટર નું સ્ટાટર બળી જતા હાલ એક જ મોટર થી પાણી આપવું પડતું હોય પ્રેશર થી આપી શકાતું નથી. આ તરફ ત્યાંની મુખ્ય પાઇપ લાઈન નો વાલવ પણ છેલ્લા કેટલાય સમયથી લીકેજ હોય એક તરફ પાણી છોડતા બીજી તરફ પણ જવા થી પ્રેશર આવતું નથી.

આ તરફ અહીંયા પાણી પી.એમ. ૪ નર્મદા આધારિત યોજના તેમજ વણાકબોરી જૂથ પાણી પુરવઠા યોજના તરસંગ દ્વારા આવે છે. જાણવા મળ્યા મુજબ અહીંયા વારંવાર રજુઆત બાદ પણ પૂરા જથ્થમાં પાણી આપવામાં ન આવતા દર ઉનાળાની સીજનમાં નદીસરમાં મોટા ભાગના વિસ્તારો માં પાણી નો કાળો કકળાટ થાય છે.

સૌથી મુસીબતની બાબત એ છેકે, ઊંચાણ વાળા ભાગોમાં નળ કનેકશનનું પાણી આવતું નથી. તો અહીંયા કોઈ હેન્ડ પંપ કે અન્ય વ્યવસ્થા પણ નથી. જેથી અહીંયાના રહીશોની હાલત પાણી વગર દયનીય થાય છે. આ અંગે પંચાયતી સત્તાધિષોને કહેતા આજે થઈ હશે કાલે થઈ જશે ના બહાના બતાવે છે. જયારે નદીસરમાં લાખો રૂપિયાના ખર્ચે મંજૂર થયેલી વાસ્મો યોજનાનું કામ પણ ઉનાળો આવવા છતાં સતત બે વર્ષ થી ટલ્લે ચઢે છે. ત્યારે પંચાયતી સત્તા અને પાણી પુરવઠો વિભાગ તરસંગ અને પી.એમ.૪ નું તંત્ર આ બાબતે આંખ આડા કાન કરવાની જગ્યા એ ગંભીરતા દાખવે તે જરૂરી છે.

# ગોધરા પાલિકાના વોર્ડ નં.૩ના ચુંટાયેલા સભ્યો દ્વારા સાવલીવાડની સમસ્યાને લઈ ચીફ ઓફિસર અને પ્રમુખને લેખિત રજુઆત

ગોધરા,
ગોધરા પાલિકાના વોર્ડ નં.૩ વિસ્તારની સમસ્યાને લઈ રહિશો પરેશાન થઈ રહ્યા છે. ત્યારે ચુંટાયેલા સભ્યો દ્વારા પાલિકા ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખને લેખિત રજુઆત કરવામાં આવી છે.

ગોધરા શહેર પાલિકા વિસ્તારના વોર્ડ નં.૩ના સાવલીવાડ વિસ્તારના રહિશોની સમસ્યા માટે પાલિકાના ચુંટાયેલા સભ્યો દ્વારા રજુઆત કરવામાં આવી છે. ચુંટાયેલા સભ્યો દ્વારા રજુઆત કરાઈ છે કે, સાવલીવાડ વિસ્તારમાં ખુલ્લી ગટર લાઈટને પાઈપો નાખીને ચેમ્બર બનાવીને ગટર બંધ કરવામાં આવે. પીવાના પાણીની લાઈનનું નવિનીકરણ કરવામાં આવે. સાવલીવાડ વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ બંધ રહેતા પરેશાની થાય છે. તેનું કાયમી નિરાકરણ લવાય તેમજ સ્ટ્રીટ લાઈટની સંખ્યા વધારવામાં આવે. સરદાર નગર ખંડ થી કુલા મસ્જીદ જવાના રસ્તાના પ્રવેશદ્વાર સ્પીડ બ્રેકર મૂકવામાં આવે. વરસાદી પાણીના નિકાલની વ્યવસ્થા કરાય તેવી અનેક માંગણીને સંતોષમાં આવે તેવી માંગ સાથે વોર્ડ નં.૩ના ચુંટાયેલા સભ્યો દ્વારા લેખિતમાં ચીફ ઓફિસર અને પાલિકા પ્રમુખને રજુઆત કરવામાં આવી છે.

# મોરવા હડફ તાલુકાના વિવિધ ગામોમાં હોલિકાદહન નિમિત્તે મતદાન કરવા માટે પ્રતિજ્ઞા

ગોધરા,
મોરવા હડફ વિધાનસભા બેઠક પેટા ચૂંટણી અંતર્ગત આગામી ૧૭ એપ્રિલે મતદાન યોજાવાનું છે, જેના માટે તંત્ર દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે. પેટાચૂંટણીમાં વધુમાં વધુ મતદાન થાય તે માટે મતદાન જાગૃતિ કાર્યક્રમ પણ કરવામાં આવી રહ્યા છે. મોરવા હડફ વિધાનસભા વિસ્તારમાં આવેલી તમામ શાળાઓમાં શિક્ષકો દ્વારા વિદ્યાર્થીઓને પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. સાથે સાથે પ્રતિજ્ઞાપત્ર વાલીઓ સુધી પહોંચાડી વાલીઓના હસ્તાક્ષર સાથે પ્રતિજ્ઞાપત્રો પરત મંગાવવામાં આવ્યા હતા. બીજી તરફ મોરવા હડફ તાલુકામાં હોળીના તહેવારનું વધારે મહાત્મ્ય રહેલું છે. ત્યારે હોલિકાદહન કાર્યક્રમ દરમ્યાન પણ લોકોને મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. જેમાં ગામના સ્થાનિક આચાર્ય, શિક્ષકો, આંગણવાડી કાર્યકર, મધ્યાહન ભોજન સંચાલક, રસોઈયા, એસએમસી, એસએમડીસીના સભ્યો વગેરેએ ઉપસ્થિત રહીને પ્રતિજ્ઞાપત્રનું વાંચન કર્યું હતું, મોરવા હડફ તાલુકાના સંતરોડ મુખ્ય બજાર તેમજ અન્ય સોસાયટીઓ, મોરવા, માતરિયા, રામપુર, વંદેલી, સાગવાડા, મોરા મુખ્ય, સુલિયાત, મેત્રાલ, ચોપડા, ખટવા, રતનપુર, ભુવર જેના નાનામોટા ગામોમાં હોલિકા દહન કાર્યક્રમ દરમ્યાન મતદાન કરવા માટે આ પ્રકારની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવી હતી. ૧૨૫ મોરવા હડફ વિધાનસભા મતવિસ્તારમાં સમાવિષ્ટ મોરવા હડફ તાલુકાના ૫૨, સંતરામપુર તાલુકાના ૪૨, ગોધરા તાલુકાના ૫ અને દેવગઢ બારીયા તાલુકાના ૦૧ ગામ એમ કુલ ૧૦૦ જેટલા ગામમાં હોલિકા દહન દરમ્યાન મતદાર જાગૃતિનો પ્રચાર પ્રસાર કરવામાં આવ્યો હતો. જેમાં ૧૫,૦૦૦ જેટલા મતદારોએ મતદાન કરવા માટે પ્રતિજ્ઞા લીધી હતી. જિલ્લા શિક્ષણાધકારી બી એસ પંચાલના માર્ગદર્શન હેઠળ એજ્યુકેશન ઈન્સ્પેક્ટર મેહુલભાઈ પારેખ, સુજીતભાઈ પરમાર અને બીઆરસી કો ઓર્ડીનેટર દિનેશભાઈ પરમાર દ્વારા સમગ્ર કાર્યક્રમનું સંકલન કરવામાં આવ્યું હતું.



તસ્વીર : હસમુખ શિકારી મોરવા(હ)

# ગોમા નદીમાં જુગાર રમતાં નબીરાઓ પર પોલીસે રેડ કરી જુગારીઓને ઝડપ્યા



તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,
કાલોલ પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ એમ.કે.માલવીયા બાતમી કે કાલોલ ગોમાં નદીના પટમાં જુગાર રમતાં હોવાની બાતમી મળતાં કાલોલ પો.સ.ઈ. એ તેમનાં ટાઉન બીક જમાદાર અને તેમની ટીમ સાથે ભેગા મળીને જાહેરમાં પાના પતાથી પૈસા વડે હારજીતનો જુગાર રમતા હોવાની બાતમીના આધારે પોલીસે બાતમીના સ્થળે ગોળ કુંડાળું કરી જુગાર રમતા ઈસમો પર રેડ પાડતાં જુગાર રમતાં જુગારીઓ પોલીસને જોતા નાસભાગ મચી હતી જોકે પોલીસે પીછો કરી પાંચ જુગારીઓને ઝડપી પાડયા હતા.પાંચ ઈસમોની અંગ જડતી માં રૂા. ૧૦,૧૧૦/- અને દાવ પરના રૂા.૨,૧૫૦/- પરના રૂ. મળી કુલ રૂા.૧૨,૨૬૦/- સહિત જુગારના પાનના પત્તા કબજે કરી નાસી છુટેલા અન્ય બે ઈસમોની પૂછપરછ કરી હતી.જે અંતર્ગત પોલીસે ઝડપાયેલા પાંચ જુગારીઓની અટકાયત કરી સાત ઈસમો સામે જુગાર ધારા હેઠળ ગુનો નોંધી ફરાર જુગારીઓને પકડવા તજવીજ હાથ ધરી છે.

(૧) ઈલિયાસભાઈ મુસ્તુફાભાઈ રહેમજી (રહે. પોરવાડ ફળીયા) (૨) સમીરભાઈ સત્તારભાઈ મલાવિયા (રહે. સડક ફળીયા) (૩) ઈસુભાઈ ઈસ્માઈલભાઈ શેખ (રહે. કાલોલ)( ૪) રમજાન ઈબ્રાહીમ મલાવિયા (રહે. સડક ફળિયા) (૫) ઈલિયાસભાઈ સિકંદરભાઈબેગ મિર્ઝા (રહે. પોરવાડ ફળીયા) અને નાસી છૂટેલા એવા (૧) મોહસીન ઉર્ફે મોસ્લો મહેબુબબેગ મિરઝા(રહે. મોગલ વાડા) (૨) ઈલિયાસ ઉર્ફે ઢોલો શરીફબેગ મિરઝા (રહે. મોગલ વાડા) તમામ રહે કાલોલ એમ કુલ મળીને ૭ ઈસમો સામે ગુનો દાખલ કરી ફરાર ઈસમોને પકડવાના અને તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા.

# કાલોલમાં યુવાને મગજની અસ્થિરતાને લઈ ગળે ફાંસો ખાઈ કર્યો આપઘાત

કાલોલ,
કાલોલ આસ્થા હોસ્પિટલના પાછળના ભાગે આવેલ ખંડેર રૂમમાં લાલ દરવાજા પાસે રહેતા ૨૨ વર્ષીય યુવાને મગજની અસ્થિરતાને છાજલી સાથે ગળે ફાંસો ખાઈ આપઘાત કરતાં આ બાબતે પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો પ્રમાણે કાલોલ આસ્થા હોસ્પિટલના પાછળના ભાગે આવેલ ખંડેર રૂમમાં ૨૯ માર્ચના રોજ લાલ દરવાજાની બાજુમાં રહેતા રાજેશભાઈ મોહનભાઈ બજાણીયા ઉ.વ.૨૨ પોતાના ઘરેથી બજારમાં ફરવા જવા નિકળેલ હતા. તે ઘરે થી નીકળીને હોસ્પિટલ પાછળ આવેલ ખંડેર રૂમની છાજલી સાથે દોરડું બાંધી ગળે ફાંસો ખાઈ આપઘાત કરીને મરણ ગયો હતો. આ બાબતે કાલોલ પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

# શહેરાના વિજાપુર ગામે અગમ્યકારણોસર મહિલાનો ગળે ફાંસો ખાઈ આપઘાત

શહેરા,
શહેરા તાલુકાના વિજાપુર ગામે રહેતી ૨૩ વર્ષીય મહિલા એ કોઈ કારણોસર ખેતરમા મહુડાના ઝાડ ઉપર સાડી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરી લેતાં ફરિયાદ નોંધાઈ.

વિસ્તૃત વિગતો પ્રમાણે શહેરા તાલુકાના વિજાપુર ગામે રહેતા પારૂલબેન અલ્પેશભાઈ પગી ઉ.વ.૨૩ એ ૨૯ માર્ચના રોજ કોઈ કારણોસર લાગી આવ્યું હતું. જેને લઈ પોતાના ખેતરમાં આવેલ મહુડાના ઝાડ સાથે સાડી વડે ગળે ફાંસો ખાઈ આપઘાત કરીને મોતને વ્હાલું કરી લેતાં આ બાબતે શહેરા પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.